# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ

## જાગૃતિ સંદેશ

૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭. ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬
www.jainjagruti.com
www.jainjagruticentre.com
www.jainjagruticentre.org

માનદ્ તંત્રી : **શ્રી રમેશ એમ. સંઘવી**
સહતંત્રી : **શ્રી અશોક એ. શાહ**



### કૅબિનેટ કમિટી

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| આઈ.પી.ચૅરમૅન | : શ્રી કિરણ એચ. શાહ |
| ફાઉન્ડર ચૅરમૅન | : શ્રી ચીમનલાલ એસ. ગોસલિયા |
| વાઈસ ચૅરમૅન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| | શ્રી પ્રફુલ્લ એમ. શાહ |
| સેક્રેટરી જનરલ | : શ્રી સંજય બી. શાહ |
| સેક્રેટરી | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| | શ્રી કિશોર એસ. શેઠ |
| | શ્રી કીર્તિ પી. સખપરા |
| ડેવલપમેંટ સેક્રેટરી | : શ્રી જયંતીલાલ કે. છાડવા |
| ખજાનચી | : શ્રી અનિલ જી. દોશી |
| તંત્રી | : શ્રી રમેશ એમ. સંઘવી |

### જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ-કમિટી

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી કિશોર એન. શાહ |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : શ્રી કિરણ એચ. શાહ |
| વાઈસ ચૅરમૅન | : શ્રી ચંદ્રવદન આર. શાહ |
| વાઈસ ચૅરમૅન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| સેક્રેટરી | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| સેક્રેટરી | : શ્રી સંજય બી. શાહ |
| જો. સેક્રેટરી | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| ખજાનચી | : શ્રી હસમુખ કે. દેઢિયા |
| સહખજાનચી | : શ્રી કિશોર એસ. શેઠ |

**: ટ્રસ્ટીઓ :**

| | |
|---|---|
| શ્રી દીપચંદ એસ. ગાર્ડી | શ્રી પ્રવીણ જી. શાહ |
| શ્રી કમલેશ સી. શાહ | શ્રી હર્ષદ જે. ગાંધી |
| શ્રી રાજેશ સી. ગાંધી | શ્રી નીતિન એમ. સંઘવી |
| શ્રી રસિક એન. કોઠારી | શ્રી જયંતીલાલ કે. છાડવા |
| શ્રી શૈલેશ ડી. શાહ | શ્રી અનિલ જી. દોશી |
| શ્રી રાજેષ આર. ભણસાલી | શ્રી રમેશ એમ. સંઘવી |

- પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચારો લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.
- કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.



છૂટક મૂલ્ય રૂ.૫/- વાર્ષિક લવાજમ રૂ.૪૦/-


## Message From The CHAIRMAN.....



**પ્રિય સ્નેહાળ સભ્યો,**

જય જિનેન્દ્ર,

સ્નેહાળ સભ્યો-ભાઈઓ, બહેનો, બાળકો તથા વડીલો,

હાશ ! ચાલો, પરીક્ષાઓ પતી ગઈ ! મમ્મીઓ અને બાળકો ટેન્શનમુક્ત થયાં. બધાંની મહેનત ફળે અને બાળકો સારા માર્ક્સથી પાસ થાય તેવી શુભેચ્છા પાઠવું છું. પરિણામોની મોસમ ચાલુ થાય ત્યાં સુધી મુક્ત રીતે હરોફરો અને આનંદ કરો. આપણે ગુજરાતીઓ અને ખાસ કરીને જૈનો આજકાલ ખૂબ જ ફરે છે અને જેજેસી તેમની આકાંક્ષાઓ પૂર્ણ કરે છે એ તો તમે 'જાગૃતિ સંદેશ'માં વાંચતા જ હશો. મારી તો એ સલાહ છે કે ફરવા જવા માટે ફાઈવ સ્ટાર સગવડતા પસંદ નહીં કરતા. કુદરતના ખોળે પહોંચી જાવ. શુદ્ધ હવા-પાણી અને ખાસ કરીને સવાર માણો. એ શરીરમાં જોમ-શક્તિ અને સ્ફુર્તિ ભરી દેશે, જે શરીરને ખૂબ જ ઉપયોગી છે. બાળકો શારીરિક રમતગમતથી વિમુખ થઈ ગયાં છે, જે સ્વાસ્થ્ય બાબત નુકસાનકારક સાબિત થઈ શકે છે. વૅકેશનમાં તેમના પર બીજો કોઈ બોજો ન નાખતાં મુક્ત રીતે ઘરની બહાર રમવા દેશો. શિસ્તના નામે તેમના પર કોઈ પાબન્દી નાખશો નહીં. તેમને સ્વૈરવિહારી બનવા દો. વૅકેશનલ કૅમ્પમાં જવા પ્રોત્સાહિત કરો તો જ તેઓ શારીરિક રીતે 'FIT' રહેશે. તમને ખયાલ હશે કે આપણી સરકારે પણ Fitnesનું મહત્વ સમજી Fit India Movementની શરૂઆત કરી છે, જેની શરૂઆત આપણા જેજેસીના સન્માન કાર્યક્રમમાં શ્રી ધર્મેશ જૈન દ્વારા કરવામાં આવી છે. આઉટડોર રમતગમતને પ્રોત્સાહન આપવા તેમણે રૂ. ૧૧ લાખના ફંડથી શરૂઆત કરી, જે રમત માટેની સ્કૉલરશિપ માટે વપરાશે.

દિવાળી પછીના ચાર મહિના Festival વિના ડ્રાય ગયા બાદ ફરી વાર તહેવારોની સિઝન આવી. ધુળેટી-વૈશાખી જેવા સામાજિક તહેવાર, રામનવમી, મહાવીરજયંતી, હનુમાનજયંતી જેવા ધાર્મિક તહેવાર કે બાબા આંબેડકરજયંતી જેવા રાષ્ટ્રીય તહેવાર છેલ્લા મહિનાના ગાળામાં આપણે ઊજવ્યા. રજા (Bank Holiday) માણી. ઢોલ-નગારાં, બેન્ડવાજા-જૂલુસ અને પરિણામે ટ્રાફિક જામ પણ માણ્યાં! ઉલ્લેખનીય છે કે આપણે જૈનો મહાવીરજયંતીની શોભાયાત્રા ભવ્ય રીતે કાઢીએ છીએ, પણ શહેર કામે વળગે તે પહેલાં સવારના સાતથી આઠ દરમિયાન. તેને લઈને ટ્રાફિક જામ કે પબ્લિકને બીજી વિટંબણા આપતા નથી. આ આપણી શિસ્તપ્રિયતા દર્શાવે છે. બાકી આટલી બધી રજાઓ આપણી આર્થિક વ્યવસ્થાને કેટલી અસર પહોંચાડે છે તે ચર્ચાનો વિષય છે. આપણા દેશે અનેકાન્તના સિદ્ધાંતને અપનાવ્યો હોઈ દુનિયાભરના ધર્મોની ઉજવણી ભારતમાં થાય છે. સારી ભાવના છે, પણ બીજી દુનિયાની સાપેક્ષમાં તેના ગુણદોષની વિચારણા થવી જ જોઈએ તેમ મારું માનવું છે.

મારા મત પ્રમાણે સૌથી મોટો ફેસ્ટિવલ તો બીજી એપ્રિલના રોજ ઊજવાઈ ગયો. ભારતનાં નાનાંમાં નાનાં ગામડાંથી લઈને મુંબઈ સુધીનાં બધાં જ મહાનગરોમાં એક જ સૂરથી એક જ રીતથી એક જ ભાવનાથી એક જ ઉન્માદથી ઉજવાયો. અરુણાચલથી કેરાલા અને કાશ્મીરથી કન્યાકુમારી સુધીના બધા જ ભારતીયોમાં ઉલ્લાસ છવાઈ ગયો. આ ઉત્સવને મહાઉત્સવમાં ફેરવી 'મિલે સૂર મેરા તુમ્હારા'નો નારો છેક આકાશ સુધી ગાજ્યો. સૌથી મોટી વાત એ કે ક્યાંયથી દંગા-ફસાદ કે ટકરાવના સમાચાર આવ્યા નથી. ઘણા બધા મહાન નેતાઓના પ્રયત્નથી પણ ન સ્થપાયેલા કોમી એખલાસનો અનુભવ થયો. તે દિવસે સવારથી ભારતભરનાં મંદિરોમાં-મસ્જિદોમાં, દેવળમાં, ચર્ચમાં, ગુરુદ્વારામાં, જૈન દેરાસરોમાં કે મોનેસ્ટ્રીમાં લોકોએ ભારતની જીત માટે નાતજાતના ભેદ ભૂલી જઈને પ્રાર્થના કરી અને એનું ફળ મળ્યું રાત્રીના ૧૧-૩૮ કલાકે. ભારતે ક્રિકેટના મહારથીઓ, અહમ્‌ખોરો ખેરખાંઓના અભિમાનને ચકનાચૂર કરી વિશ્વકપ-૨૦૧૧ અંકે કરી લીધો અને દુનિયાને મૅસેજ આપી દીધો કે ભારત બધી જ રીતે મહાસત્તા બનવા થનગની રહ્યું છે. વો દિન અબ દૂર નહીં હૈ. 'વો સુબહ કભી તો આયેગી' હવે નજીકમાં જ છે. આનંદો, ભારતીયો, આનંદો! આ સાથે એ પણ સિદ્ધ થઈ ગયું કે ભારતનું સુકાન હવે નવલોહિયાઓને-Young Bloodને સોંપી દો અને વડીલો ફક્ત તેમને માર્ગદર્શન આપવા માટે જ રહો. પછી જોઈ લો ચમત્કાર! પછી અણ્ણા હજારે બાપુને અનશન કરવાની જરૂર જ નહીં રહે.

દરરોજ ન્યૂઝપેપર વાંચીને આપણે પણ ઊકળી ઉઠીએ છીએ તો અણ્ણા હજારે જેવા રાષ્ટ્રીય નેતા તો નારાજ થઈ જ જાય. તેમનો આત્મા કકળી ઊઠ્યો અને ગાંધીચીંધ્યા માર્ગને ફરી વાર વિશ્વ સમક્ષ મૂક્યો. ભારતની પ્રજાએ ન ધારેલો પ્રતિસાદ આપ્યો અને ભ્રષ્ટ સરકારને ઝૂકવું પડ્યું. તેમની બધી માગણીઓ સ્વીકારી અને લોકપાલની રચના માટેનો માર્ગ મોકળો કર્યો. પણ... પણ... મને શંકા છે, હજી ચઢાણ કપરાં છે. હિન્દુસ્તાનમાંથી અંગ્રેજો ચાલી ગયા બાદ આ દેશને 'બાપની જાગિર' સમજી બેઠેલા આ નાલાયક રાજકારણીઓ બધું સમુંસૂતરું પાર પાડવા નહીં જ દે. જેમ રાજા-મહારાજાઓને તેમનું સ્થાન બતાવવા એક વલ્લભભાઈ પટેલની જરૂર પડી તેમ આ દેશકલંકીઓને (હું તો તેમને દેશકલંકીઓથી જરા પણ ઊતરતા ગણીને તેમને De-Value કરવા માગતો નથી.) નાથવા બીજા એક 'સરદાર'ની જરૂર છે. આ રાજકારણીઓએ પ્રજાસેવક તરીકે દોરી-લોટો લઈને સત્તાના તખતા પર પ્રવેશ કર્યો અને આજે ભારતભરના બધા જ ધંધા અને ગોરખધંધાના સરતાજ બની ગયા છે, એટલું જ નહીં, પણ વિદેશની બૅંકોના ચીફ ફાઈનાન્શિયર બની ચૂક્યા છે. પ્રજા પણ એટલી અંજાઈ ગઈ છે કે તેમને કાંઈ નશિયત પહોંચાડી શકતી નથી. અર્થકારણ આધારિત રાજકારણના પિરામિડના આધારબિંદુ (Pivot) પર ગોઠવાઈ ગયા છે અને પ્રજા અનાયાસે તેમને ટેકો આપી રહી છે. હવે દવાનું કામ નથી. હવે આના ઉપાય માટે ઑપરેશનની જરૂર છે અને તે માટે ઘણી કાપકૂપ કરવી પડશે. આપણા દેશના બ્લડમાં હિમોગ્લોબીન, રક્તકણ, શ્વેતકણ સાબૂત છે. હાર્ટબીટ પણ બરાબર છે. ફક્ત અમુક અંગોને કૅન્સર થયેલું છે. એ સડી ગયેલા પાર્ટને જો કાઢી નાખી ફેંકી દઈએ તો ભારત દેશ તેના મૂળભૂત સંસ્કાર સાથે હજી તંદુરસ્ત જ છે. દશ હજાર વર્ષ જૂની સંસ્કૃતિ હજી બીજાં દશ હજાર વર્ષ સાબૂત જ રહેશે.

Any how, આ તો દરરોજનો લોહીઉકાળો થયો. આપણે જેજેસી તરફ મીટ માંડીએ તો આજે જ હું ઘાટકોપર ખાતે જેજેસી-નોર્થ ઈસ્ટ દ્વારા તેના દશાબ્દી વર્ષ નિમિત્તે, ઘાટકોપરના જૈનોના બધા જ ફિરકાઓને આવરી લેતો એક કાર્યક્રમ – 'જૈન ક્રિકેટ ટુર્નામેન્ટ'નું ઉદ્‌ઘાટન કરીને આવ્યો. ટુર્નામેન્ટનું ઉદ્‌ઘાટન એટલું ભવ્ય રીતે થયું કે વર્લ્ડ કપ ટુર્નામેન્ટ કે IPLના ઉદ્‌ઘાટન યાદ આવી ગયાં. વર્લ્ડ કપે બધા જ ભારતીયોને એકતાના તારે બાંધી લીધા તેવી જ રીતે જૈનોના બધા જ મણકાઓને એકતારે બાંધવા આવી ટુર્નામેન્ટ કારણભૂત બની રહી છે, તેનો મને આનંદ છે અને ગર્વ છે. થોડા સમય પહેલાં જેજેસી-રાજાવાડી, જેમ્‌ જગડુશા તથા ભાંડુપ-વિક્રોલીએ પણ પોતાના જ સેન્ટર પૂરતી આવી ટુર્નામેન્ટનું સરસ આયોજન કરેલું.

૧લી મેના રોજ જેજેસી-બોરીવલીના આયોજન-યુવામેળાની તૈયારી થઈ ચૂકી છે.

જેજેસી-વીસનગરે પણ બ્લડ ડોનેશન કૅમ્પ સફળતાપૂર્વક પાર પાડ્યો. એક અદ્‌ભુત કાર્યક્રમમાં તા. ૩૦મી એપ્રિલના રોજ જાહેર જનતાના લાભાર્થે જેજેસી-અંકલેશ્વર દ્વારા એક શબવાહિની (Hearsh)ની સેવા શરૂ કરવામાં આવશે તેની વિગત આગામી અંકમાં આવશે.

જ્યાં જ્યાં ભારતીયો વસે છે ત્યાં ત્યાં વિશ્વકપ જીત્યાની ઉજવણી આનંદ-ઉન્માદથી થઈ. અમેરિકામાં તે ઉજવણીનો હું સાક્ષી બન્યો અને હૈયું હરખથી નાચી ઊઠ્યું.

સદ્‌વિચાર, સદ્‌વર્તન અને સત્કર્મ હંમેશ સુફળ આપે છે તે આપણે અનુભવ્યું.

*લિ. જિતેન્દ્ર કોઠારી*
*ચૅરમૅન: જે.જે.સી. – સેન્ટ્રલ બોર્ડ*

# મનોરંજનની અટારીએથી

| જે.જે.સી. | | તારીખ | કાર્યક્રમ | |
|---|---|---|---|---|
| • અમૃતનગર | : | ૧૬-૦૩-૧૧ | નાટક : 'ઝીરો બની ગયો હીરો' | ★ |
| | | ૩૦-૦૩-૧૧ | નાટક : 'બદલાતા ચહેરા' | ✉ |
| • બીચ સાઈડ | : | ૦૪-૦૩-૧૧ | નાટક : 'બદલાતા ચહેરા' | ★ |
| | | ૨૧-૦૩-૧૧ | નાટક : 'બબલાભાઈ કે બબલીબહેન' | ✉ |
| • ભાંડુપ-વિક્રોલી | : | ૨૪-૦૩-૧૧ | નાટક : 'આપણાં એ આપણાં' | ✉ |
| • ચેમ્બુર | : | ૨૦-૦૩-૧૧ | સંગીત : 'મ્યુઝિકલ હાઉઝી' | ★ |
| • દાદર | : | ૧૪-૦૩-૧૧ | નાટક : 'બદલાતા ચહેરા' | ★ |
| | | ૨૮-૦૩-૧૧ | પ્રહસન : 'ભગવાનની મહેર તો લુખ્ખાને લહેર' | ✉ |
| • દહિસર | : | ૨૯-૦૩-૧૧ | પ્રહસન : 'ભગવાનની મહેર તો લુખ્ખાને લહેર' | ★ |
| • ડાઉન ટાઉન | : | ૧૩-૦૩-૧૧ | પ્રહસન : 'મુંબઈની કમાણી મુંબઈમાં સમાણી' | ★ |
| • જેમ્ જગડુશા | : | ૦૯-૦૩-૧૧ | બૉલીવૂડ કવાલી : 'સ્પિરિટ ઑફ સૂફીઝ' | ✉ |
| | | ૩૧-૦૩-૧૧ | ગુજરાતી ગીતો : 'સુહાના સફર' | ✉ |
| • ગોલ્ડન ગારોડિયા | : | ૧૫-૦૩-૧૧ | પ્રહસન : 'ભગવાનની મહેર તો લુખ્ખાને લહેર' | ✉ |
| • જુહુ બીચ | : | ૦૯-૦૩-૧૧ | નાટક : 'બદલાતા ચહેરા' | ★ |
| | | ૩૧-૦૩-૧૧ | નાટક : 'તમને મળીને આનંદ થયો' | ✉ |
| • જુહુ | : | ૧૩-૦૩-૧૧ | નાટક : 'આપણાં એ આપણાં' | ★ |
| | | ૧૭-૦૩-૧૧ | મ્યુઝિકલ શો : 'તારે જમીં પર' | ✉ |
| • જૂનાગઢ | : | ૦૬-૦૩-૧૧ | નાટક : 'રાધારાણી મુંબઈના શેઠાણી' | ✉ |
| • કાંદિવલી | : | ૦૧-૦૩-૧૧ | નાટક : 'ઝીરો બની ગયો હીરો' | ✉ |
| • કલાનગરી | : | ૦૬-૦૨-૧૧ | હાસ્યસંધ્યા : 'ઘનશ્યામ ઠક્કર દ્વારા કાર્યક્રમ' | ★ |
| • લે. વિં. સેન્ટ્રલ મુંબઈ | : | ૨૫-૦૩-૧૦ | નાટક : ? ? | ✉ |
| • મલાડ | : | ૨૦-૦૩-૧૧ | બૉલીવૂડ કવાલી : 'સ્પિરિટ ઑફ સૂફીઝ' | ★ |
| • મુંબઈ | : | ૦૮-૦૩-૧૧ | નાટક : 'આપણાં એ આપણાં' | ✉ |
| | | ૨૨-૦૩-૧૧ | પ્રહસન : 'ભગવાનની મહેર તો લુખ્ખાને લહેર' | ✉ |
| • મુલુંડ | : | ૦૮-૦૩-૧૧ | પ્રહસન : 'આનંદી બા ચાલ્યાં અમરેલીથી અમેરિકા' | ✉ |
| • નોર્થ ઈસ્ટ | : | ૦૨-૦૩-૧૧ | નાટક : 'આંખોની પેલે પાર' | ✉ |
| | | ૦૯-૦૩-૧૧ | બૉલીવૂડ કવાલી : 'સ્પિરિટ ઑફ સૂફીઝ' | ✉ |
| • નવી મુંબઈ | : | ૧૦-૦૩-૧૧ | નાટક : 'ઝીરો બની ગયો હીરો' | ✉ |

- રાજાવાડી : ૧૬-૦૩-૧૦ બૉલીવૂડ કવાલી : ‘સ્પિરિટ ઑફ સૂફીઝ’ ✉
- સી સાઇડ : ૦૫-૦૩-૧૧ નાટક : ‘બદલાતા ચહેરા’ ✉
  ૧૫-૦૩-૧૧ નાટક : ‘બાબલાભાઈ કે બબલીબહેન’ ★
- સાયન-માટુંગા : ૦૭-૦૩-૧૧ નાટક : ‘બદલાતા ચહેરા’ ✉
- શિવાજી પાર્ક : ૧૧-૦૩-૧૧ નાટક : ? ? ✉
- તાડદેવ : ૦૪-૦૩-૧૧ નાટક : ‘આપણાં તે આપણાં’ ✉
  ૨૬-૦૩-૧૧ નાટક : ‘બા પાવરફૂલ પા વન્ડરફૂલ’ ✉
- વાશી : ૨૦-૦૩-૧૧ નાટક : ‘શાસન સમ્રાટ’ ★
- વિલે પાર્લે : ૨૨-૦૩-૧૧ નાટક : ‘ઝીરો બની ગયો હીરો’ ✉
  ૨૮-૦૩-૧૧ નાટક : ‘આંખોની પેલે પાર’ ✉

સંજ્ઞા : કાર્યક્રમ – જમણ સાથે ★ જમણ વિના (ડ્રાય) ✉ સ્નેક્સ ▲

# આગામી યાત્રા પ્રવાસ (પિકનિક–પર્યટન)

જેજેસીના સથવારે મારે ભમવા'તા દેશ
વૅકેશન આવ્યું અમારે જાવું'તું પરદેશ – રે...

| જે.જે.સી. | દિનાંક | સ્થળ | ચાર્જિસ |
|---|---|---|---|
| ★ વિલે પાર્લે | તા. ૨૨-૪-૨૦૧૧ થી<br>તા. ૨૯-૦૪-૨૦૧૧ | બૅંગકૉક – પટાયા – મુંબઈ | રૂા. ૩૪,૯૦૦ |
| ★ નોર્થ ઈસ્ટ<br>રાજાવાડી<br>જેમ્ જગડુશા<br>ગોલ્ડન ગારોડિયા<br>અમૃત નગર<br>ચેમ્બુર<br>લે. વિં. મુંબઈ ઈસ્ટ | તા. ૧૨-૦૮-૨૦૧૧ થી<br>તા. ૧૭-૦૮-૨૦૧૧<br>તથા<br>તા. ૧૮-૦૮-૨૦૧૧ થી<br>તા. ૨૩-૦૮-૨૦૧૧<br><br>તા. ૩-૪-૫ જૂન, ૨૦૧૧ | સંયુક્ત પ્રવાસ આયોજન<br>જયપુર<br><br><br><br><br>પર્યટન આયોજન હોટેલ મીરાસોલ | રૂા. ૯,૯૯૯/-<br><br><br><br><br><br>રૂા. ૪,૦૦૦/- |
| ★ કલાનગરી | તા. ૨૬-૦૫-૨૦૧૧ થી<br>તા. ૨૯-૦૫-૨૦૧૧ | જાત્રા પ્રવાસ – પાવાપુરી – આબુ<br>જીરાઉલા – ભેરૂ તારક | અંદાજિત ખર્ચ<br>રૂા. ૯૦૦/- |

## વાર્ષિક સામાન્ય સભા

■ જૈન જાગૃતિ સેન્ટર-મુંબઈએ મંગળવાર, તા. ૨૨-૩-૨૦૧૧ના રોજ સાંજે ૮.૦૦ કલાકે શ્રી બિરલા માતુશ્રી સભાગૃહ ખાતે વાર્ષિક સામાન્ય સભાનું આયોજન કર્યું હતું.

## VISIT WEBSITE

જૈન જાગૃતિ સેન્ટરોની વિવિધ પ્રવૃત્તિઓ વિશેની માહિતી જાણવા જેજેસીની વેબસાઇટની મુલાકાત લ્યો. જાગૃતિ સંદેશ, વિવિધ સેન્ટરોના પરિપત્ર તથા અન્ય માહિતી આ વેબસાઇટ પર ઉપલબ્ધ હોય છે.

# જેજેસીની આજકાલ

## આંતરરાષ્ટ્રીય મહિલાદિન

### જે.જે.સી.-જેમ્ જગડુશા

છેલ્લાં દશ હજાર વર્ષથી પુરુષો દ્વારા થતા અત્યાચારો સહન કરતી મહિલાઓમાં પૂરા વિશ્વમાં જાગૃતિ આવી અને સંગઠિત થઈ પુરુષો સામે અવાજ ઉઠાવવાની શરૂઆત થઈ. એક માતા તરીકે, બહેન તરીકે, પત્ની તરીકે કે પુત્રીની હેસિયતથી નિયતિએ આપેલ આદેશનું પાલન કરી પુરુષોને ચોક્કસ સાચવશું, સધિયારો આપીશું, પણ હવેથી પુરુષો તરફથી અત્યાચાર હરગિસ સહન નહીં કરીએ તેવા મક્કમ નિર્ધાર સાથે શરૂ થયેલી ચળવળને વ્યવસ્થિત સ્વરૂપ અપાયું ૮મી માર્ચના રોજ. ત્યારથી ૮ માર્ચને આંતરરાષ્ટ્રીય મહિલાદિન તરીકે પૂરા વિશ્વમાં ઊજવાય છે. વિશ્વભરના પુરુષોએ પણ માન્યતા આપી છે.

એમ કહેવાય છે કે Man from MARS અને Woman from Venus! જ્યારે આ ગ્રહો પર લાખો વર્ષ પહેલાં પ્રલય થયો ત્યારે ત્યાંથી છટકીને થોડાક જીવ પૃથ્વી પર નાંગર્યા. તેમાંથી બચી ગયેલો મંગળ પરથી આવેલો જીવ એ 'આદમ' અને શુક્ર પરથી આવેલો જીવ એ 'ઈવ.' બન્ને ખૂબ સંપથી રહેતાં હતાં અને પૂરી સૃષ્ટિ માણતાં હતાં. સેંકડો વર્ષે કંટાળો આવતાં ઈશ્વર પાસે 'વંશ'ની માગણી કરી. તથાસ્તુ કર્યા બાદ સૃષ્ટિનું નવનિર્માણ થયું. ઈવ સૃષ્ટિની પ્રથમ 'મા' બની, પણ એ સમય દરમિયાન શારીરિક મર્યાદા આવી અને તેને લીધે એ ઘર (ગુફા)માં જ રહી અને પેટ ભરવા આદમ શિકારે (કમાવા) બહાર ગયો. આ અરસામાં શયતાનનો જન્મ થઈ ચૂક્યો હતો અને તેણે તેનો પંજો ફેલાવવાનું શરૂ કર્યું. તેનો પહેલો શિકાર આદમ થયો. આદમને શયતાનની અસર નીચે અહમ્ આવ્યો કે હું જ શિકાર કરીને લાવું છું તેને લઈને ઈવને ખવાનું મળે છે.

બસ, શરૂઆત થઈ ચૂકી સ્ત્રી ઉપરના અત્યાચારની. તે છેક પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન એવું બન્યું કે ફ્રાન્સ-ઇંગ્લૅન્ડના લગભગ ૯૦% પુરુષો રણમેદાન પર લડવા ગયા. પાછળ વહીવટ ચલાવવા બધાં ક્ષેત્રમાં મહિલાઓને લેવામાં આવી. મહિલાઓએ વહીવટી ક્ષેત્ર કે ધંધાકીય ક્ષેત્રમાં પ્રવેશી સાબિત કરી નાખ્યું કે ઢંગધડા વિનાના પુરુષો કરતાં તેઓ સારી રીતે કોઈ પણ કાર્ય કરી શકે છે અને શરૂઆત થઈ મહિલા ક્રાંતિની. ચળવળને વ્યવસ્થિત રૂપ અપાયું તા. ૮-૩-૧૯૯૬ના દિવસે. આજની ઘડી ને કાલનો દી. આજે મહિલાઓ પુરુષ સમોવડી જ નહીં, પણ ઘણાં ક્ષેત્રોમાં પુરુષોથી મોખરે નીકળી ગઈ છે. આજે તે ગુલામ નથી રહી. હવે કોઈ અત્યાચાર તે સહન કરતી નથી. સમય સમયને માન છે.

જેજેસીનાં મોટા ભાગનાં સેન્ટરોમાં મહિલાનું પ્રમાણ ૫૦-૫૦% છે. જેમ્ જગડુશાના શ્રી જેઠાલાલ દેઢિયાને વિચાર આવ્યો કે આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે સેન્ટરની ફક્ત બહેનો માટે જ એક સ્પેશિયલ કાર્યક્રમનું આયોજન કરીએ.

તેમણે વિશિષ્ટ કાર્યક્રમ બનાવ્યો. સેન્ટરની મહિલાઓને ખૂબ જ આનંદ આવ્યો. શરૂઆત થઈ ચૂકી. આવતા વર્ષે આઠ માર્ચના દિવસે ઘણાંબધાં સેન્ટર આવો કાર્યક્રમ રાખશે જ. અભિનંદન જેમ્ જગડુશાની સંપૂર્ણ ટીમને.

Concept : ઈંગ્લિશ અને હિન્દુસ્તાનની વિવિધ જાતકકથાઓનો સમન્વય ખૂબ જ સંક્ષિપ્તમાં

*— એચારીકા જૈન દ્વારા*

### જે.જે.સી.-પુણે મેઈન

સેન્ટરે રાખ્યો એક 'સહકુટુંબ સ્નેહમિલન'નો વરવો કાર્યક્રમ રાધે હૉલ ખાતે તા. ૫મી માર્ચ, ૨૦૧૧ના રોજ. પુણેના જેજેસિયનો રંગબેરંગી મિજાજમાં હળ્યા-મળ્યા અને આનંદ કર્યો અને અરસપરસ સ્નેહની ગાંઠ મજબૂત કરી.

### જે.જે.સી.-લે. વિં. સેન્ટ્રલ મુંબઈ

ફક્ત મહિલા માટેના કાર્યક્રમ 'જૈન જાગૃતિ વક્તવ્ય'માં આંતરરાષ્ટ્રીય મહિલાદિન નિમિત્તે C.A. નવીન શાહ તથા C.A. ભરત નાગડા દ્વારા જાણકારીનો કાર્યક્રમ આપવામાં આવ્યો.

આજના અલ્ટ્રા મૉડર્ન યુગમાં નાણાકીય અને કાયદાકીયની બેઝિક બાબતોની જાણકારી સ્ત્રીઓને પણ હોવી અતિઆવશ્યક છે, જેવી કે

૧) વસિયતનામા વિષે કાયદાની સાદી સમજ
૨) બૅંક એકાઉન્ટ વિશે ધ્યાનમાં રાખવા જેવી બાબતો
૩) કુટુંબની મૂડીના સરવૈયાની અગત્યતા
૪) જીવન વીમા વિશેની સાદી સમજ
૫) રકમ વ્યાજે આપતી વખતે ધ્યાનમાં રાખવા જેવી બાબતો
૬) રિવર્સ મોરગેજ વિશેની જાણકારી.

આ બાદ સાવિત્રીબહેન કોચર દ્વારા તેમની આગવી શૈલીમાં હાસ્યરસ પીરસવામાં આવ્યો.

## જે.જે.સી. - લે. વિં. મહેસાણા

રવિવાર, તા. ૨-૧-૨૦૧૧ના રોજ નવા વર્ષના આગમનની ઉજવણી નિમિત્તે હિમાલયા મૉલ ખાતે એક શાનદાર પાર્ટી-મિટિંગ રાખેલ.

ન્યૂ યર કેક કટિંગ, લકી ડ્રૉ, સામૂહિક ભોજન કાર્યક્રમ ઉપરાંત હાઉઝી અને લૉટ ઑફ ગિફ્ટ... મહિલા સભ્યોની તમન્નાનો દોર આગળ વધ્યો!

તા. ૯-૨-૨૦૧૧ ને બુધવારે હોટેલ એરીકો ખાતે એક Two-in One કાર્યક્રમ રાખેલ.

(૧) Microwave Ovenનું Demonstration અને (૨) વાનગી હરીફાઈ. મહિલાઓ બન્ને કાર્યક્રમ માટે ઉત્સાહી હતી.

મહિલાઓએ જ્યારથી પુરુષસમોવડી બનવા દોટ મૂકી છે ત્યારથી ધીમે ધીમે તે રસોડાની બહાર નીકળતી જાય છે. બીજી વ્યસ્તતાને લઈને રસોડામાં જેમ બને તેમ ઓછો સમય જાય તે માટે અવનવા રસ્તા-ઉપાય શોધી રહી છે. તેમની મદદ માટે હવે વિજ્ઞાને ઘણાંબધાં ઉપકરણો બનાવ્યાં છે તેમાંના એક માઈક્રોવેવ ઓવને મહિલાઓ માટે પ્રિય સહેલીનું સ્થાન ઝડપથી લઈ લીધું છે. ચટ મંગની અને પટ શાદીને મૂર્તિમંત કરતું આ ઉપકરણ કોઈ પણ ઘર માટે 'MUST' થઈ ગયું છે.

આજના વડીલોના બાળપણના દિવસો યાદ કરીએ તો લાકડા-છાણાથી આગળ વધી કોલસાની સગડી સુધીની સફરને ૧૦૦૦ વર્ષ લાગ્યાં. ત્યાર બાદ શહેરોમાં ગૅસ લાઈટરથી ચપટીમાં ચાલુ થતાં ગૅસ ચૂલા પણ આજે જુનવાણી ગણાવા લાગ્યા. રસોઈ બનાવવાની શરૂઆત કર્યા બાદ સંપૂર્ણ રસોઈ થતા બેથી ત્રણ કલાકની સામે આજે ફક્ત પાંચથી દશ મિનિટમાં થતી રસોઈ ગૃહિણીઓ માટે આશીર્વાદરૂપ થઈ છે. જોકે, વડીલો મોઢું મચકોડીને કહે છે કે આ રીતે થતી રસોઈમાં પહેલાં જેવો સ્વાદ જ ક્યાં છે? જે કાંઈ હોય, પણ મહેસાણા લે. વિં.ની બહેનોએ માઈક્રોવેવ ઓવન વિશે ખાસ જાણકારી મેળવી.

બીજો પાર્ટ હતો વાનગી હરીફાઈનો. બહેનોનો પ્રિય વિષય!

દરેક ક્ષેત્રની જેમ વાનગીઓમાં પણ ખૂબ જ Research થયું છે. કલ્પનામાં પણ ન આવે તેવી અવનવી વાનગીઓ રસોડામાં બની રહી છે. Ingradient તો એટલા જ છે, પણ તેના Combinationથી કમાલ થઈ છે. હમણાં એક બુક જેજેસીને ભેટમાં આવી તેમાં ૧૬૦૦ ઉપરાંત વાનગીઓની રેસિપી છે! તો બહેનો-માતાઓ આગળ વધો. પેટ તો સંતૃપ્ત થવાનું જ છે, પણ જો જીભને જલસો પડશે તો જબાન બોલી ઊઠશે – સુખી થાઓ આયુષ્યમાન ભવો.

આવી વાનગી હરીફાઈની આઈટમો વિશે જાણી સેન્ટ્રલ બોર્ડના મોઢામાં પાણી આવ્યાં!!

## ધુળેટી — રંગોત્સવ

### (નિર્દોષ આનંદની રંગભરી ઉજવણી)

આપણા તહેવારપ્રિય દેશમાં બે તહેવાર 'જોટા'માં આવે છે. દિવાળી-બેસતું વર્ષ અને હોળી-ધુળેટી. હોળીનું ધાર્મિક મહત્ત્વ છે. ઘણીબધી વાયકા આ તહેવાર વિશે છે. ટૂંકમાં અનિષ્ટ પર શુભ તત્ત્વનો વિજય. અસત્ય પર સત્યનો વિજય. ધુળેટી સંપૂર્ણપણે નિર્દોષ આનંદનું પર્વ છે. હોળી ઉત્તર ભારતનાં રાજ્યોમાં બહુ જ ધાર્મિક દૃષ્ટિકોણથી ઊજવાય છે. રાજસ્થાનમાં તો કહેવાતું હતું કે ''દિવાલી તો અઠ્ઠે ગઠ્ઠે, પણ હોલી તો ઘરે જ.'' દિવાળી ગમે ત્યાં કરી શકાય પણ હોળી ઊજવવા રાજસ્થાનીઓ દૂર દૂરથી પણ ઘરે આવી જતા અને આખું કુટુંબ સંયુક્તપણે હોળી ઊજવતું. કાળેક્રમે આ ભાવના લુપ્ત થઈ ગઈ. પરદેશમાં વતન ઊભું કરી ત્યાં જ હોલીકોત્સવ ઊજવવા લાગ્યા.

આપણે જૈનો હોલીકાદહનમાં માનતા નથી, કારણ તેનાથી છાણામાં તથા લાકડામાં વસતા અસંખ્ય જીવોનો સામૂહિક નાશ થાય છે અને ખોટી જીવહિંસા થાય છે તેથી પહેલેથી જ તેનું મહત્ત્વ આપણે સ્વીકાર્યું નથી. ફક્ત ધુળેટીને રંગોત્સવનો ઓપ આપી ઊજવીએ છીએ. હવે તો ઘણો સુધારો થયો છે. ચામડીને અસર કરનારા રંગો કે કેમિકલથી દૂર રહી ફક્ત ગુલાલથી જ હોળી રમવામાં આવે છે. આટલી જાગૃતિ જરૂરથી આવી ગઈ છે. સરકારે ધુળેટીને જાહેર રજા માન્ય કરેલી છે તેથી આપણે જેજેસીમાં પણ લગભગ બધાં જ સેન્ટરના સભ્યો તે દિવસે ભેગા મળી વિવિધ કાર્યક્રમો કરી સાથે જમીને આનંદ માણીયા છીએ.

એક નજર કરીએ કયા સેન્ટરે કઈ રીતે ઊજવ્યો આ "Foolish Day" (મૂર્ખાઓનો દિવસ) જી હા! એક વખતના આનંદિત સ્વભાવના સંસદસભ્ય શ્રી પીલુ મોદી આ દિવસને 'Foolish Day' ગણી સંસદસભ્યો સાથે અવળચંડી મસ્તીથી ઊજવતા. રાજ કપૂરે પણ આ તહેવારને ફિલ્મીરૂપ આપી ભારે લોકપ્રિય બનાવેલો.

**કલાનગરી વડોદરા** : હંસ પાર્ટી પ્લૉટ-માંજલપુર ખાતે સાંજના ૬.૦૦ કલાકે સભ્યો મળ્યા. ગુલાલ ન કર્યો પણ ગુલાબી વાતાવરણ અને મહેક સાથે ગુલાબી મસ્તી છવાઈ ગઈ. હળ્યા-મળ્યા-માણ્યા, ખાધું પીધું અને...

**મુલુંડ** : તા. ૨૦-૩-૨૦૧૧ ને રવિવારના કાર્યક્રમને રંગોત્સવમાં ફેરવી દયાનંદ સ્કૂલ મધ્યે રેઈન ડાન્સ, ગુલાલ અને D.J. સંગીતના સથવારે મિષ્ટ ભોજનની લહેજત લઈ બસ આનંદ હી આનંદ!

**નોર્થ ઈસ્ટ-રાજાવાડી-જેમ્ જગડુશા-ડાઉન ટાઉન** : આ બધાં સેન્ટરો સ્ટ્રેસમુક્ત વાતાવરણમાં ધુળેટી ઊજવવા ગોવા રોડ પર આવેલા Panoramic Resort ખાતે સમૂહમાં ગયા અને સંયુક્ત ઉત્સવની ઉજવણી શુભ દિનોની અપેક્ષા સાથે મન મૂકીને કરી. રંગીન રેઈન ડાન્સ, આચર-કૂચર પેટબાની પૂજા અને હાઉઝી રમત – આ હતા ઉત્સવના અંશો.

**ગોલ્ડન ગારોડિયા-વિદ્યાવિહાર** : રાષ્ટ્રીયશાળાના પ્રાંગણમાં કોઈએ ગુલાલ ગુંજે ન ભર્યો પણ ગમતાંને ગુલાલ કર્યો. વિવિધ રમતોથી તાજગીભરી, લકી ડ્રોમાં નસીબ અજમાવી ભાવતાનું ભોજન કરી મૅચ માણવા ઘરે ભાગ્યા.

**જુહુ** : પરંપરાગત રીતે ધુળેટી ઊજવવાનું નાપસંદ કરતું આ સેન્ટર હોળી ઉત્સવને સંગીતથી મઢી અવ્વલ કાર્યક્રમ આપે છે. આ વર્ષે તેમણે જુહુના ભાઈલાલ પટેલ ગ્રાઉન્ડ પર હેવી ફાસ્ટફૂડ સાથેનો કાર્યક્રમ જેવીપીડી કૉ. ઑ. હા. સો. લિ.ના સંયોજનમાં આપી સભ્યોને આનંદમાં લાવી દીધા.

**નવી મુંબઈ અને પનવેલ** : રંગોત્સવને પિકનિકમાં ફેરવી નાખી સેંટરના સભ્યો કુમાર રિસોર્ટ, લોનાવલા ખાતે ગયા.

**સાયન-માટુંગા** : રેઈન ડાન્સ સાથેનો કાર્યક્રમ એંકર્સ ક્લબ ચેમ્બુર ખાતે રાખ્યો.

**ભાંડુપ-વિક્રોલી** : પાણી સાથે ધુળેટી રમવા પિકનિક પણ બનાવી દીધી. બદલાપુર ખાતે રેઈની રિસોર્ટમાં મજા માણી આવ્યા.

## જે.જે.સી.-જેતપુર

તા. ૨૦-૨-૨૦૧૧ના દિવસે ચાર્ટર પામેલ સેન્ટર નં. ૧૩૭ની કારોબારી કમિટીના સભ્યોનાં નામ તથા સંપર્ક નંબર નીચે પ્રમાણે છે...

| | | |
|---|---|---|
| ૧) | ગિરીશભાઈ મગનલાલ દોશી<br>પ્રમુખ | (M) ૯૪૨૭૪૯૭૧૮૯<br>(R) ૨૨૦૭૭૨ |
| ૨) | જયેશકુમાર શામળજીભાઈ મહેતા<br>ઉપપ્રમુખ | (M) ૯૯૨૫૫૩૦૯૦૧<br>૯૪૨૬૨૬૮૭૬૫<br>(R) ૨૨૧૫૬૫<br>(O) ૨૨૦૯૦૧ |
| ૩) | વિનોદરાય ડાહ્યાલાલ મહેતા<br>મંત્રી | (M) ૯૪૨૮૨૬૯૦૫૮<br>(R) ૨૨૩૦૧૭ |
| ૪) | પંકજભાઈ અમૃતલાલ મહેતા<br>સહમંત્રી | (M) ૯૮૨૫૪૪૯૮૭૪ |
| ૫) | અનિલકુમાર સોભાગ્યચંદ મહેતા<br>ખજાનચી | (M) ૯૮૨૫૯૧૫૪૧૮ |
| ૬) | વિપિનભાઈ મગનલાલ ચોવટિયા<br>કારોબારી સભ્ય | (M) ૯૪૨૬૯૮૧૧૮૯<br>(O) ૨૨૧૩૧૮<br>(R) ૨૨૦૮૮૯ |
| ૭) | પ્રવીણચંદ્ર ભવાનભાઈ શાહ<br>કારોબારી સભ્ય | (M) ૯૮૨૫૩૨૮૩૧૨<br>(O) ૨૨૧૦૯૭<br>(R) ૨૨૦૩૧૨ |
| ૮) | ભરતભાઈ જયસુખલાલ શાહ<br>કારોબારી સભ્ય | (M) ૯૮૯૮૫૨૩૭૨૯<br>(R) ૨૨૨૬૩૮ |
| ૯) | મુકેશભાઈ હિંમતલાલ દોશી<br>કારોબારી સભ્ય | (M) ૯૩૭૪૧૪૧૬૮૭ |
| ૧૦) | બ્રિજેશભાઈ મુકેશભાઈ વસા<br>કારોબારી સભ્ય | (M) ૯૮૭૯૫૫૩૪૨૨<br>૯૪૦૮૭૨૬૩૨૨<br>(R) ૨૨૦૩૭૯<br>(O) ૨૨૦૧૪૭ |
| ૧૧) | હરેશભાઈ અનસુખલાલ દોશી<br>કારોબારી સભ્ય | (M) ૯૮૭૯૮૯૯૮૮૦ |

## અભિનંદન

- ઉત્તર ગુજરાતના જેજેસીનાં કૉ-ઑર્ડિનેટર શ્રીમતી નીલા એમ. શાહ ક્ષમાપના કાર્ડ સ્પર્ધામાં દ્વિતીય નંબરે આવ્યાં તે બદલ અભિનંદન.
- જેજેસી-લે. વિં. મહેસાણાનાં સભ્ય શ્રીમતી આશાબહેન મહેતાની પુત્રી કુ. ખુશ્બુ યુનિવર્સિટીમાં જુડો તથા કુસ્તીમાં અને ઓપન વેઈટમાં ગુજરાતમાં પ્રથમ નંબરે તથા ગુજરાત સરકાર યોજિત મહાકુંભ ખેલ મેલામાં કુસ્તી વિભાગમાં સમગ્ર ગુજરાતમાં ત્રીજા ક્રમે આવીને શ્રી નરેન્દ્ર મોદી હસ્તક કાસ્યચંદ્રક મેળવવા બદલ અભિનંદન.

**ગરીબમાં ગરીબ પણ કરી શકે એવું મહાદાન એટલે ચક્ષુદાન**



## મેડિકલ કૅમ્પ

### જે.જે.સી.-જેમ્ જગડુશા, રાજાવાડી, નોર્થ ઈસ્ટ તથા લે. વિં. મુંબઈ (ઈસ્ટ)નો સંયુક્ત કૅમ્પ

ગુરુવાર, દિનાંક ૧૦ માર્ચ, ૨૦૧૧ વિશ્વ કિડની દિવસ હતો તે કેટલાને ખબર છે ? વાલના દાણા જેવી કિડની શરીરમાં શું અગત્યતા ધરાવે છે તે કેટલા જાણે છે ? ભારતમાં ૪૦ વર્ષ ઉપરની દર ૧૦૦માંથી ૧૦ વ્યક્તિ કિડનીને લગતા રોગોથી પીડાય છે. ઘરમાં જો કચરો સાફ કરવાનું મશીન બગડી જાય કે આપણે સાફ કરવાનું માંડી વાળીએ તો થોડા જ દિવસમાં ઘર ઉકરડો બની જાય. તેવી જ રીતે શરીરમાં જો કિડની ઓછી ક્ષમતાથી કામ કરતી થાય તો શરીર અનેક રોગોનો શિકાર બની જાય.

મનુષ્યશરીરના બંધારણમાં ઘણા અવયવો સમાયેલ છે અને દરેક અવયવ તેને નિયત કરવામાં આવ્યા મુજબ કાર્યશીલ હોય છે, પરંતુ દરેક અવયવનું કાર્ય બીજા અવયવ પર પણ નિર્ભર હોય છે માટે શરીરના બંધારણના માળખાને આપણે એક કુટુંબ અથવા સમાજ સાથે સરખાવી શકીએ જેમાં દરેક વ્યક્તિની અલગ પ્રતિભા હોય છે અને અંતે તેની પ્રતિભાને કુટુંબની પ્રતિભા તરીકે લેખાવાય છે.

મનુષ્યશરીરમાં કિડની એક એવું અવયવ છે જે શરીરમાં સમાયેલા નકામા પાણીના તથા રોગિષ્ટ બેક્ટેરિયા નિકાસ કરવાનું કાર્ય કરે છે, પણ તેનું આ કાર્ય શરીરના બીજા અવયવો પર નિર્ભર છે, માટે કિડનીને સુયોજિત રીતે કાર્યરત રાખવા શરીરના અન્ય અવયવોની પ્રક્રિયા પણ સુસંગત ચાલવી જરૂરી છે.

આપણી આજની જીવનપદ્ધતિ એટલી બધી યંત્રવત્ બની ચૂકી છે કે જેનાં કારણોસર આપણે સૌ શરીરને જરૂરી સાત્વિક ખોરાકને બદલે બિનજરૂરી ખોરાકથી પોષતા હોઈએ છીએ. આ બિનજરૂરી ખોરાક શરીરમાં સંપૂર્ણપણે હજમ ન થતો હોવાને કારણે સામાન્ય વ્યક્તિ મુખ્યત્વે ૪૦થી ૪૫ વર્ષની ઉંમરે ડાયાબિટીસ-બ્લડપ્રેસર વગેરે જેવા રોગોથી પીડાતી હોય છે. આ ડાયાબિટીસ-બ્લડપ્રેસરના રોગો લાંબા ગાળે કિડની પર અસર કરે છે.

કિડની જ્યારે તેનું ધાર્યું કાર્ય કરવામાં નિષ્ફળતાને વરે છે ત્યારે તે વ્યક્તિના શરીરમાંથી બિનજરૂરી પદાર્થોને દૂર કરવા ડાયાલિસિસની પદ્ધતિ અપનાવી પડે છે જે મોંઘવારીના આ જમાનામાં ખૂબ જ ત્રાસદાયક છે, માટે આપણા શરીરના તમામ અવયવો સુંદર રીતે કાર્યરત્ રહે, શરીર સુદૃઢ અને સક્ષમ રહે તથા ડાયાબિટીસ-બ્લડપ્રેસર જેવા રોગોથી મુક્ત રહી કિડનીના રોગને નિવારી શકાય તે માટેની વિશેષ જાણકારી/માર્ગદર્શન આપવા જેજેસી-નોર્થ ઈસ્ટ, રાજાવાડી, જેમ્ જગડુશા તથા લે. વિ. મુંબઈ (ઈસ્ટ) દ્વારા તા. ૧૦-૩-૨૦૧૧ ને ગુરુવારના રોજ કિડની સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરો દ્વારા એક વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું. જે ભાઈ-બહેનોએ તેમની કિડનીની કાર્યશીલતા વિશે નિદાન કરાવવું હતું તેમને લૅબોરેટરીમાં ખૂબ નજીવા દરે તપાસણી કરી દેવાની સગવડતા કરી આપવામાં આવી. આપણે પ્રાથમિક માહિતી જાણીયે...

મૂત્રમાર્ગમાં થતા રોગો

મૂત્રમાર્ગમાં (પેશાબના રસ્તે) નીચે પ્રમાણેના રોગો સામાન્ય રીતે જોવા મળે છે.

૧) પથરી (Stone)
૨) પેશાબનો ચેપ (Urinary Tract Infection)
૩) પ્રોસ્ટેટની ગાંઠ (Prostatic Enlargement)
૪) પેશાબની નળી સંકોચાઈ જવી (Urethral Stricture)
૫) મૂત્રમાર્ગની ઈજાઓ
૬) કૅન્સર
૭) જન્મજાત ખોડ




**૧) પથરી (Stone)** : સૌરાષ્ટ્રના વિસ્તારમાં આ રોગ સામાન્ય રીતે વધુ જોવા મળે છે. પથરી કિડનીમાં, યુરેટર (મૂત્રવાહક નળી)માં, પેશાબની કોથળીમાં, ઈન્દ્રિયમાં રહેલ મૂત્રનળીમાં થઈ શકે છે. ફોસ્ફેટ, ઓક્સેલેટ, યુરિક ઍસિડ જેવા ક્ષારોમાંથી પથરી બને છે.

જન્મજાત તાસીર, કોઈ ખોડની હાજરી, મૂત્રમાર્ગનો રોગ અને વધુપડતા પાણીના ક્ષારોને કારણે પથરીનો રોગ

થાય છે. સામાન્ય રીતે અતિશય અસહ્ય દુખાવો, પેશાબમાં બળતરા, પેશાબમાં લોહી આવવું જેવાં લક્ષણો જોવા મળે છે. પેશાબની તપાસ, ઍક્સ-રે, સોનોગ્રાફી અને આઈ.વી.યુ. જેવી તપાસો દ્વારા તેનું નિદાન થયા બાદ યોગ્ય ડૉક્ટર પાસે તેની સારવાર કરાવવી જોઈએ.

ઘણી નાની પથરીઓ અમુક જગ્યાએ હોય તો પેશાબ વાટે કુદરતી રીતે નીકળી શકે છે. અમુક પ્રકારની પથરી દૂરબીન વડે ઑપરેશન-કાપો મૂક્યા વગર કાઢી શકાય છે. છતાં ઘણી પથરીઓ માટે હજુ ઑપરેશન જ એક ઈલાજ છે.

પથરીના દર્દી બેદરકાર રહે તો કિડનીને ભારે નુકસાન થઈ શકે છે. પાણીનો મહત્તમ ઉપયોગ, પેશાબના ચેપનો જલદી ઉપાય અને ખોરાક-પાણીની કાળજી પથરીને દૂર રાખે છે. છતાં ઘણા દર્દીઓને પથરી વારંવાર થઈ શકે છે. આવા દર્દીએ પેરાથાઈરોડ ગ્રંથિની તપાસ કરાવવી જોઈએ.

કોઈ મંત્ર, તંત્ર કે હાથચાલાકીથી પથરી નીકળી શકતી નથી. આવા ધુતારાઓથી ચેતવું.

**૨) પેશાબનો ચેપ (Urinary Tract Infection):** મૂત્રમાર્ગમાં ચેપી જંતુ (Bacteria) આવવાથી ચેપ લાગે છે. જે સમગ્ર મૂત્રમાર્ગમાં થઈ શકે છે. પેશાબ બળવો, વારંવાર પેશાબ કરવા જવું, પેશાબમાં લોહી આવવું, પેડુમાં દુખવું જેવાં સામાન્ય લક્ષણો હોય છે.

નાનાં બાળકો, સ્ત્રીઓ, સગર્ભાવસ્થા અને પથરીના દર્દીઓને આ થવાનો સંભવ વધુ રહે છે. યોગ્ય સલાહ મુજબ દવાઓ (એન્ટિબાયોટિક) લેવાથી તે મટે છે. આડેધડ, અધૂરી, સમજ્યા વગર અને જરૂર ન હોય છતાં ભારે એન્ટિબાયોટિક દવા લેવાથી ચેપી જંતુઓ (બેક્ટેરિયા) નીંભર બની જાય છે, જે જલદી મરતા નથી. મૂળ કારણનો યોગ્ય ઉપાય એ જ સાચી સારવાર છે. ટીબીનો રોગ પણ મૂત્રમાર્ગના કોઈ પણ અંગમાં થઈ શકે છે.

**૩) પ્રોસ્ટેટની ગાંઠ :** પ્રોસ્ટેટ નામની ગ્રંથિ દરેક પુરુષમાં હોય છે. વીર્ય માટે જરૂરી તત્ત્વો ઉત્પન્ન કરતી આ ગ્રંથિ મોટી ઉંમરે ઘણાને વધવા માંડે છે. તેના મોટા થવાથી પેશાબના રસ્તે દબાણ વધે છે. વારંવાર પેશાબ કરવા જવું, રાત્રે વધુ વખત ઊઠવું, પેશાબમાં બળતરા, પેશાબ પર કાબૂ ન હોવો, અધૂરો પેશાબ થવો કે ક્યારેક સંપૂર્ણ પેશાબ રોકાઈ જવાની ઘટના બને છે.

આ રોગનું નિદાન થયા બાદ સામાન્ય સંજોગોમાં વિવિધ દવાઓ વાપરી શકાય છે. તેનાથી રાહત ન મળે તો ગ્રંથિની ગાંઠનું ઑપરેશન કરવું પડે છે. દૂરબીન દ્વારા ગાંઠને નાના કટકાઓ કરી દૂર કરાય છે. પેશાબ રોગના નિષ્ણાતો (યુરોલૉજિસ્ટ) આવા ઑપરેશન કરે છે. પેશાબની કોથળી ખોલીને ગાંઠ કાઢવાનું ટાંકાવાળું ઑપરેશન કરવાના કિસ્સા હવે ઓછા થતા જાય છે. થર્મલ અને લેસરથી ગાંઠ કાઢવાના સંશોધનના પ્રયોગો અને સારવાર ચાલુ છે.

**૪) પેશાબની નળી સંકોચાઈ જવી (Urethral Stricture) :** પેશાબની નળી, તેમાં થતા ચેપ, પથરી, ઈજા કે કોઈક વાર નાનાં-મોટાં ઑપરેશન બાદ સંકોચાઈ જાય છે. ધીમે ધીમે સાંકડી ધારે પેશાબ થવો, દુખાવો થાય કે પેશાબ એકદમ રોકાઈ જવાના પ્રસંગો બને છે. યોગ્ય દવા તેમ જ સળિયા જેવા સાધનથી પેશાબની નળી પહોળી કરવાની ક્રિયા કરવી પડે છે. ઘણી વાર વારંવાર આ કરવું પડે છે. અમુક સંજોગોમાં દૂરબીનથી પેશાબનો રસ્તો પહોળો કરાય છે.

**૫) મૂત્રમાર્ગની ઈજાઓ :** અકસ્માત તેમ જ મૂઢમારને કારણે કિડનીને ઈજા થઈ શકે છે. થાપાના હાડકાનું ફ્રેક્ચર થવાથી પેશાબની કોથળી કે નળી તૂટી જાય છે આવા સંજોગોમાં તુરત સર્જનને બતાવી યોગ્ય સલાહ મુજબ વર્તવું જોઈએ.

**૬) મૂત્રમાર્ગમાં થતાં કૅન્સર :** કિડની, પેશાબની કોથળી અને પ્રોસ્ટેટમાં કૅન્સરનો રોગ થાય છે. નાનાં બાળકોને પેટમાં મોટી ગાંઠ, દુખાવા વગર પેશાબમાં લોહી આવવું જેવાં ચિહ્નો કૅન્સરમાં થઈ શકે છે. વહેલું નિદાન અને યોગ્ય સારવારથી દર્દીને ફાયદો થાય છે.

**૭) જન્મજાત ખોડ :** એક કિડની ન હોવી, કિડની જુદી જગ્યાએ હોવી, કિડની ઘોડાની નાળ જેવા આકારની હોવી, પેશાબની નળીની અનિયમિતતાઓ, કિડનીમાં પોચી ગાંઠી જેવી જન્મજાત ખોડ હોઈ શકે છે.

ક્યારેક પેશાબની કોથળી પેટમાં આગળ તરફ ખુલ્લી હોવી, પેશાબનું કાણું જુદી જગ્યાએ હોવું જેવી ખોડ પણ હોય છે. આ બધી ખોડ અન્ય રોગોને નોતરી શકે છે. તેની યોગ્ય સારવાર લેવી જોઈએ.

**મૂત્રમાર્ગના રોગોને અટકાવવા માટે સામાન્ય સૂચનો:**

- ❖ શુદ્ધ-ચોખ્ખું-વધુ પાણી પીવો.
- ❖ વધુપડતા ક્ષારયુક્ત પાણીનો ઉપયોગ ન કરો.
- ❖ પેશાબના રોગની ત્વરિત દવા કરાવો.
- ❖ પેશાબ રોકાઈ જતા બિનઅનુભવી પાસે પેશાબની નળી ન મુકાવો.

તો વાલના જેવડા અવયવને Neglect ન કરો. કુદરતે દરેક માણસને બે કિડની આપી છે. અંતિમ સમય જો નિશ્ચિંત હોય તો કિડની ડોનેશન કરી કોઈની જાન બચાવી શકાય છે.

*પૂરક માહિતી : સૌજન્ય ડૉ. ભોડશિયા*



ક્રિકેટનો રોમાંચ માત્ર દોઢ-બે માસ
કુસુમ મસાલાની જમાવટ રહે છે બારે માસ

રમતમાં તો થઈ શકે કાં હાર, કાં જીત
જે વાપરે કુસુમ મસાલા તેની જીત જ જીત

કુસુમ મસાલા તો છે સવાઈ યુવરાજ
તેના ઉપયોગથી ચઢે છે રસોઈના શિરે તાજ

ચપટીભર કુસુમ મસાલાથી કંઈ એવી બને રસોઈ
કે સહુ કહે કુસુમ મસાલાની તોલે ન આવે કોઈ

**મસાલા શ્રેષ્ઠ... તો રસોઈ સર્વશ્રેષ્ઠ**



**કુસુમ મસાલા**

કુસુમ હાઉસ, ટી-૨, કામા એસ્ટેટ, ગોરેગાંવ (ઈ),
મુંબઈ - ૬૩ ફોન : ૨૬૮૫૧૫૯૫-૯૮, ૨૬૮૫૧૮૩૫
E-mail : info@kusumspices.com
Website : www.kusumspices.com

જ્ઞાતિના મંડળો, મહિલા મંડળો કે કોઈપણ સેવાભાવી સંસ્થાના ઓર્ડરો આકર્ષક શરતોએ પૂરા સહકારથી સ્વીકારીએ છીએ.

**બારેમાસ ભરવાલાયક મસાલાની ફ્રી* હોમ ડીલીવરી માટે ફોન કરો.** *આશરે ૧૦ કીલોથી વધુ

# કિરણભાઈનું વિદાયમંથન

(તા. ૧૧ માર્ચ, ૨૦૧૧ના રોજ કિરણભાઈનું સન્માન જેજેસીના ૩૫૦ કમિટી મેમ્બરોએ જેજેસી પરિવાર વતી કર્યું. સાહિત્ય અને સંગીત સાથે સુમેળ ધરાવતા કિરણભાઈની ભાવનાત્મક નિચોડવાળી વાણી કાગળમાં કેદ કરવાનો પ્રયત્ન થયો છે. સભ્યોની ફરમાઈશથી તેને સંક્ષિપ્તમાં પ્રસ્તુત કરવામાં આવે છે.)

આ ફ્રેમમાં મને જે સન્માનપત્ર આપ્યું ત્યારે કહેવાનું મન થાય કે ''બહાર ઊભો હોત તો તસવીરની ચર્ચા કરત, આ ઊભો હું તસવીરમાં, શું બોલું''? Entire history of my Life for JJC is you. ''આગવું અસ્તિત્વ મારું તમને હું અર્પણ કરું છું, હોય જે વ્યક્તિત્વ મારું, તમને સાદર કરું છું.'' આ બહુમાનનો હું ભીના હૃદયે સ્વીકાર કરું છું અને દિલફેંક સાથ અને સહકાર સાથે સાચકલી દોસ્તી નિભાવનાર અને એ સૌ કોઈ જેણે મને પ્રેમ અને હૂંફ આપી મારા કાર્યમાં સહકારનું તેલ પૂર્યું છે તે તમામને સ્વજન ગણીને હૃદયપૂર્વક આભાર માનું છું. તમારા સહકારથી મારો જેજેસીનો પ્રવાસ અનાયાસે યાત્રા થઈ ગયો અને સાથેસાથે ખાસ કરીને વિશેષ આભાર મારા ફેમિલીનો અને વિશેષ કરીને મારી હમસફર અલકાનો. કહું કે, ''આપ હમારા રહનસહન ઔર ખાનાપીના દેખતે હૈ લેકીન ઈસકે ખાતીર હમને કીતને કચ્ચે પક્કે સપને બેચે ઉસકા ક્યા?'' ૨૫ વર્ષની જેજેસીની સફર દરમિયાન ફેમિલી સાથે ઘણાંબધાં સમાધાન કરવાં પડયાં છે.

મેં હંમેશાં મને જેજેસીના ચૅરમૅન તરીકે નહીં, પણ એક સેવક તરીકે જ જોયો છે. રામસેતુ બાંધવામાં મેં ખીસકોલીકૃત્ય જ કર્યું છે. જેજેસીને માણસાઈનું મિલન તીર્થ બનાવવાની કોશિશ કરી છે. ''આસમાન કા ખુદા કોઈ ભી હો, ધરતી કા ખુદા ઈનસાન હૈ.'' માનવતાથી મોટો કોઈ જ ધર્મ નથી.

કોઈ પણ સંસ્થાના વિકાસ માટે સંસ્થાને એક થિન્ક ટૅન્કની જરૂર હોય છે. મેં મારા 'જાગૃતિ સંદેશ'માં અગ્રલેખ જે કોઈ કોઈ વાર વ્યગ્રલેખ થઈ જતા, તેના દ્વારા વિચારયજ્ઞની શરૂઆત કરી અને તેનાથી આપણી વિચારશૈલીની પ્રક્રિયામાં સકારાત્મક ફેરફાર કરવાની શરૂઆત થઈ. આનાથી મને પોતાને પણ ઘણો ફાયદો થયો. સકારાત્મક વિચારોથી આપણી જૂની માન્યતા બદલાશે, તેનાથી આપણી અપેક્ષાઓમાં પરિવર્તન થશે અને એથી આપણું વલણ પણ બદલાશે, જેથી આપણી વર્તણૂક બદલાશે અને વર્તણૂક બદલાશે તો આપણું Performance સારું થશે.

મારા હિસાબે જીવનની સાર્થકતા ઊંચા હોદ્દા, ભૌતિક સમૃદ્ધિ કે કીર્તિ સાથે નથી, પણ માણસ કેટલી માત્રામાં જીવ્યો તેના પર છે. આપણે સૌ વધતા-ઓછા અંશે આપણાં મંતવ્યોના ગુલામ હોઈએ છીએ અને પછી એ મંતવ્યોને સિદ્ધાંત ગણીને વળગી રહીએ છીએ. આપણી Attitude એવી હોવી જોઈએ કે ''તને હું મારી રીતે સમજ્યો હતો, પણ તને હું તારી રીતે સમજી શકું તો કેટલું સારું... (અનેકાંતવાદ). દરેક માણસને પોતાનો અભિપ્રાય ધરાવવાનો હક હોય છે, પણ કોઈને પણ હકીકત ખોટી પાડવાનો હક નથી. આત્મનિરીક્ષણ કરતા રહો, તમારું મન તપાસતા રહો, તમારાં આદર્શો, ભાવના, કર્તવ્યો, નિષ્ઠા બરાબર કામ કરે છે કે નહીં તે તપાસતા રહો.

સમાપન કરતાં જણાવ્યું કે હંમેશાં યાદ રહે કે સ્વાર્થને લોકો ધિક્કારે છે અને ત્યાગને લોકો વંદે છે. મારી બધી સમજ એકઠી કરીને જેજેસીના દરેક વહીવટકર્તાને કહું છું કે જે ન બોલે તેને બોલાવજો, ન આવે તેના ઘરે જજો, રિસાય તેને રીઝવજો અને આ બધું તેના ભલા માટે નહીં, પણ તમારા સારા માટે કરજો, કારણકે જેજેસી લેણદાર છે અને તમે તેના કરજદાર છો. આ સાથે એ ન ભુલાય કે ઝાકઝમાળ એ મહાનતા નથી, વાહવાહ એ પ્રતિષ્ઠા નથી, પ્રાધાન્ય એ શ્રેષ્ઠતા નથી. દુનિયામાં સૌથી મોટી શક્તિઓ કદાપી ભપકાદાર હોતી નથી. જેમનાં સન્માન કદી થતાં નથી હોતાં, જેમનાં ગીતો ગવાતાં નથી એવા સભ્યોની ઈમાનદારી, નિષ્ઠા અને પવિત્રતા પર તો આ જેજેસી ઊભું છે. હું મારો એવૉર્ડ એવા પડદા પાછળના કાર્યકરોને અર્પણ કરું છું.

મારા સમગ્ર કામનો નિચોડ જો એક જ વાક્યમાં રજૂ કરવો હોય તો હું કહીશ કે ''પ્રેમની શક્તિને સામાજિક સ્વરૂપમાં પ્રગટાવવાની કોશિશ!'' અંતમાં I specialist થયા વિના, મારા 'હું' ને હાંસિયામાં ધકેલીને મારા ચૅરમૅનપદની નિવૃત્તિના સમયે હું એમ કહું કે આપણે જે થવા સર્જાયેલા હોઈએ એ થઈ શકીએ તો એનાથી મોટી જીવનની સાર્થકતા કઈ હોઈ શકે?

જેજેસી જેવી મહાન સંસ્થાના ચૅરમૅન તરીકે મારા કાર્યથી મને સંપૂર્ણ Job satisfaction મળેલ છે. જિંદગી સાર્થક થઈ! જેજેસીની સ્મૃતિ એ મને મળેલી સમયની અમૂલ્ય સોગાદ છે.

કારણ

''મંજિલ મુઝે મિલે ન મિલે, ઉસકા ગમ નહીં
મંજિલ કી જુસ્તજુ મેં મેરા કારવાઁ તો હૈ।''

મારા કાર્યકાળ દરમિયાન મેં કોઈને દુભાવ્યા હોય તો

ખરા હૃદયથી ''મિચ્છા મિ દુક્કડમ્'', કારણકે ''યે ધરતી હૈ ઈન્સાનો કી કુછ ઔર નહીં ઈન્સાન હૈ હમ.''

જ્યારે વિદાય આવે છે ત્યારે આંસુ પર સ્મિતનું આવરણ ચઢાવવું જ પડે છે.

મારે એટલું જ કહેવાનું કે જીવનભર હું જેજેસીનો સેવક જ રહીશ

'મહેરબાં હો કે બુલા લો મુઝે, ચાહે જીસ વક્ત,
મૈં ગુજરા વક્ત નહીં હૂં કી ફીર આ ભી ન શકુ''
OK!

હમ લૌટ આયેંગે
તુમ યું હીં બુલાતે રહના
કભી અલવિદા ન કહેના

**Clapped Quotations from Kiran Shah**

- I am not handsome but I always give my hands to some. Quoting Abdul Kalam.
- Measure of life is not Duration but Donation.
- કોઈ પણ Social Work કરવું એ ઉપરવાળા તરફથી આપણને મળેલું Home Work છે.
- Hands that helps other are much hoiler than Lips that pray.
- Happiness is bi-product of social services.
- Social service is our religion.
- Holiness and happiness always go together.
- JJC is factory manufacturing happiness.
- જૈન જાગૃતિ એટલે પ્રેમ, સમજણ, સહયોગ અને સર્જન.
- જેજેસી આપણને શીખડાવે છે કે સદ્‌મિત્રોનો સરવાળો કરો, દુશ્મનની બાદબાકી કરો, તમારી દિલદારીનો ભાગાકાર કરો અને આનંદનો ગુણાકાર.
- સરવાળો સત્કર્મનો, ગુણોનો ગુણાકાર, બાદબાકી બૂરાઈની અને ભ્રમનો ભાગાકાર.
- આપણા શબ્દો આપણા વિચારોને છુપાવી શકશે, આપણા કાર્યને નહીં.
- કોઈ સાચું છે તે નહીં, પણ શું સાચું છે તે મહત્ત્વનું છે.
- ખુદા કિસી કો ઈતની ખુદાઈ ન દે
  કિ અપને સિવા કુછ દિખાઈ ન દે.
- Discision should be taked in Hosh not in Josh!
- Whenever I climb up the ladder I am followed by a dog named Ego, so ego diet is necessary for any office bearer.
- ટીકાકારોને પરમ સમીપે રાખવા તેનાથી ડરવું નહીં.
- ઘણા ટીકાઓથી ઊગરી ગયા છે તો થોડાક પ્રશંસાથી પાયમાલ થયા છે.
- તમે બીજા પાસે જેટલા પ્રેમની અપેક્ષા રાખો છો તેના કરતાં અધિક પ્રેમ વરસાવો.
- તમે જ્યારે ઊંચા હોદ્દા ઉપર હો ત્યારે ચાકુ સજાવવા કરતાં જખમને પંપાળવું વધુ સારું છે.

**૧૮૦ ડિગ્રીનો સ્ટ્રોક!!**

''કેટલાક નિયમો જે ક્યારેય પાળો નહીં.''

★ મિટિંગમાં કોઈ દિવસ વખતસર આવવું નહીં, તો તમે નવા નિશાળિયા ગણાશો.

★ કમિટીની મિટિંગ અડધી પૂરી ન થાય ત્યાં સુધી કાંઈ બોલવું નહીં. તેનાથી તમારી છાપ શાણપણની પડશે.

★ બોલવામાં બને ત્યાં સુધી અસ્પષ્ટ રહેવું. કોઈ બાબત વિશે શંકા પડે તો પેટાસમિતિ નીમવાનું સૂચન કરવું અને કારોબારીને બેઠક મુલતવી રાખવાની દરખાસ્ત કરવી. તેનાથી તમે લોકપ્રિય બનશો, કારણ તેની રાહ જોઈને બધા બેઠા હોય છે.

*રિપોર્ટ : આર્મેશકુમાર જૈન*


વગર દવાએ સરળ ઉપચારથી
રજવાડીઠાઠથી જીવવાની કળા

હાર્ટના બ્લોકજેસ ઓછા કરવા • કમર અને સાઈટીકાનો દુખાવો • સ્પોંડીલાઈસીસ • ઘુંટણનો દુઃખાવો • માઈગ્રેન • ડિપ્રેસન • વજન ઘટાડવૂ • અન્યરોગોના ઈલાજ માટેની સલાહ અને ઉપાયો કોઈપણ જાતની દવા આપ્યા વગર તેમજ આપ લો છો એ દવા બંધ કરાવ્યા વગર ફક્ત બાહ્રી ઉપચાર, કોઈપણ આડઅસર વગર, જોખમ વગર અને લાભકારી નીચેની અલટરનેટીવ થેરાપીને ઉપયોગ કરી • મેરીડીયન મસાજ થેરાપી એક્યુપ્રેસર થેરાપી • પાસ થેરાપી • બુંહાગ ઈન્સટુમેન્ટ બધી મેરીડયનોલોજી પર આધારિત તેમજ નેચરોપેથી થેરાપીના નિષ્ણાત.

આપના ઘરે આવીને તપાસીને સચોટ ઈલાજ કરવામાં આવશે

Raajendra S. Shah (Sr. therapist) Matunga, Mumbai.
Mob.: 9820002953 • Tel.: 022-24121234

# ચક દે ઈન્ડિયા

એક મહાસંગ્રામ ખેલાઈ ગયો. WORLD CUP WAR !

વિશ્વભરના દેશોની શ્રેષ્ઠ ૧૪ ક્રિકેટ ટીમો ભારતીય ઉપખંડમાં ટકરાણી. દરેક મૅચ રસાકસી અને ઉત્તેજનાથી ભરપૂર હતી. ભારતના ક્રિકેટવીરો ચતુરાઈ-ચોકસાઈ અને ગણતરીપૂર્વક રમ્યા અને ઇંગ્લૅન્ડ, સાઉથ આફ્રિકા કે ચૅમ્પિયન ટીમ ઑસ્ટ્રેલિયાને ધૂળ ચાટતા કરી તેના કટ્ટર હરીફ પાકિસ્તાન સામે ઝનૂનથી રમ્યા. તે દિવસે પૂરા ભારતમાં સ્વયંભૂ કર્ફ્યુ લાગી ગયો.

બાપુને 'ત્યાં' અધકચરા સમાચાર મળ્યા કે આજે ભારત-પાકિસ્તાન વચ્ચે મહાસંગ્રામ છે અને બન્ને દેશમાં કર્ફ્યુ લાગી ગયો છે એટલે સરદારને લઈને જરૂર પડે તો શાંતિ સ્થાપવા ઉપવાસ કરવાની તૈયારી સાથે આવ્યા, પણ અહીંનું વાતાવરણ, શાંતિભરી ઉત્તેજના અને કોમી એખલાસ જોઈને દંગ થઈ ગયા. મંદિર-મસ્જિદ-ચર્ચ-ગુરુદ્વારા-જૈન મંદિરો દરેક જગ્યાએ સમૂહમાં કોઈ પણ જાતના ભેદભાવ વિના ભારતની જીત માટે થતી પ્રાર્થના જોઈ બોલી ઊઠ્યા - 'બાપુ ખુશ હુઆ.' સરદારને કહ્યું કે 'મને આ ક્રિકેટનો આઈડિયા જ ન આવ્યો. નહીંતર અમન માટે મારે આટલા બધા ઉપવાસની જરૂર જ ન પડત.' સમ ખાવાય ક્યાંયથી દંગા-ફસાદના સમાચાર ન આવ્યા!

આ મૅચે ભારતને અલૌકિક આત્મવિશ્વાસ બક્ષ્યો અને ફાઈનલ વૉર શ્રીલંકા સામે થઈ. લોકોએ નામ આપ્યું રામ-રાવણ યુદ્ધ! આ યુદ્ધ સીતા માટે ન લડાયું, પણ વિશ્વ કપ માટે થઈ ગયું. ભારતે સાબિત કર્યું કે તે વિશ્વમાં દરેક ક્ષેત્રમાં ઊભરી રહ્યું છે. તે હવે હેવી રોલર બની ચૂક્યું છે. તેની વચ્ચે આવતા કોઈ પણને તે કચડી નાખશે.

ભારતે જીતવા માટે એકમાત્ર ધ્યેય થકી અર્જુન જેવી એકાગ્રતા સાથે દેશપ્રેમ હૈયામાં ઠાંસીઠાંસીને જીતી જ જવાના છીએ તેવો આત્મવિશ્વાસ કેળવી શિસ્તબદ્ધ મહેનત, ચતુરાઈપૂર્વકની રમત રમી આખરે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં વિશ્વ કપ અંકે કર્યો ત્યારે ભારતભરનું આકાશ ફટાકડાની આતશબાજીથી પ્રકાશમય થઈ ગયું. તે રાત્રે કોઈ જ ઘરમાં ન રહ્યું. રાષ્ટ્રીય તહેવાર લોકોએ જ જાહેર કરી દીધો. રામનવમી કે દુર્ગાપૂજા કે નવરાત્રિ, દિવાળી કે હોળી કે પોંગલ પોતપોતાના રાજ્યમાં જ ઊજવાય, પણ આ તહેવાર અરુણાચલથી લઈને કેરાલા કે કાશ્મીરથી કન્યાકુમારી સુધીના બધા જ પ્રદેશોમાં લોકોએ નાત-જાત-કબીલા કે વયની મર્યાદાઓ તોડી બધાએ સાથે મળીને ઊજવ્યો.

જૈન જાગૃતિ સેન્ટરો આ ઉલ્લાસની સુનામીથી દૂર ન રહ્યાં. સેન્ટર્સના સર્વે સભ્યો એકસાથે જાયન્ટ સ્ક્રીન નાસ્તાપાણી, ભોજન, બસ આનંદ હી આનંદ. હોંશ, પડકારા, ચિચિયારી છેક વાનખેડે/મોહાલી મેદાન સુધી સંભળાયાં.

**જેજેસી-જુહુબીચ-બીચ સાઈડ-સી સાઈડના** સભ્યોએ સેમિફાઈનલો અને ફાઈનલ મૅચ ૨૪૦ ફૂટના LED BIG SCREEN પર માણી.

**જેજેસી-જુહુના** સભ્યોએ ભારત-પાકિસ્તાનની જોશીલી સેમિફાઈનલ અને ફાઈનલ મૅચ મોટા સ્ક્રીન પર માણી-નાસ્તા તથા જમવા સાથે.

**જેજેસી-મલાડે** પણ તેના સભ્યોને BIG SCREEN પર લહેર કરાવી.

**જેજેસી-તાડદેવે** પણ તા. ૩૦-૩-૨૦૧૧ની સેમિફાઈનલ મૅચ અવસર ચા-પાણી-નાસ્તા અને ડીનર સાથે માણી

**જેજેસી-ચેમ્બુરે** છેલ્લી ફાઈનલ મૅચ તેના સભ્યોને BIG SCREEN પર બતાવી સભ્યોને ખુશ કરી દીધા.

આ જ રીતે બધાં જૈન જાગૃતિ સેન્ટરોએ સાથે મળીને મૅચના છગ્ગા-ચોગ્ગા અને ભારતની જીત માણી છે એવા પણ સમાચાર આવી રહ્યા છે.

તેના સભ્યો આવો આનંદમય અવસર ખેલદિલીથી મનાવે તે સાંભળીને સેન્ટ્રલ બોર્ડને તો આનંદ થાય જ ને!

## અભિનંદન

### જેજેસી-એલીસબ્રિજ

સેન્ટરના સભ્ય શ્રેષ્ઠીવર્ય શ્રી લાલભાઈ દેવચંદ શાહનું ગુજરાતના ગવર્નશ્રીએ તેમના કાર્ય બદલ ''ગ્લોટી ઑફ ગુજરાત'' એવૉર્ડથી સન્માન કરેલ છે. આખા ગુજરાતમાંથી ફક્ત ૧૧ વ્યક્તિઓને જ આ બહુમાનથી નવાજવામાં આવ્યા છે. જેજેસી પરિવાર માટે આ ગૌરવ અને આનંદની વાત છે. શ્રી લાલભાઈને સેન્ટ્રલ બોર્ડનાં અભિનંદન.



# ક્વૉલિટી અને સ્વાદમાં દબંગ
# મા-દિકરી, સાસુ-વહુ સહુને સંગ
# હિમાદ્રી મસાલા



રાજાપુરી હળદર | સુગંધીત ધાણાજીરૂ | રેશમપટ્ટી ખાંડેલું | ગરમ મસાલા

સો ટકા ઉત્કૃષ્ટ મસાલા ખરીદવાની વાત આવે ત્યારે ક્વોલિટી, સ્વાદ અને શુદ્ધતા માટે એક અવાજે મા-દિકરી, સાસુ-વહુ કહે સહુ **હિમાદ્રી મસાલા** છે દબંગ (એટલે કે નંબર વન), જેનાથી આપણે જીતતા આવ્યા કાયમ રસોઈનો જંગ.

હિમાદ્રી મસાલામાં મઘમઘે છે ઉત્કૃષ્ટ સામગ્રીનું અચૂક મિશ્રણ... છોલે મસાલા, ચાટ મસાલા, બિરયાની મસાલા, ચા મસાલા તથા અન્ય મસાલા.

**બારે માસ ભરવા લાયક**

• કાશ્મીરી ખાંડેલા • રેશમપટ્ટી ખાંડેલા • રાજાપુરી ગોલ્ડન હળદર • સુગંધીત ધાણાજીરૂ • જીરૂ • રાઈ બારીક • મેથી • વરીયાળી • હિંદોરી ગ્રીન આખાધાણા • સુવા • તલ • ધાણાદાળ • ધોનાવલા કોકમ • અજમો • રાઈના કુરીયા • મેથીના કુરીયા • મેથીયો સંભાર • મરી • આંબાની હિંગ પાવડર • સુંઠ પાવડર • પીપરામૂળ • રેડીમીક્સ મસાલા

**હિમાદ્રી મસાલા**

ભારતની સૌથી પહેલી ISO 22000 સર્ટીફાઈડ મસાલા કંપની

**હિમાદ્રી ફૂડ્ઝ પ્રા. લિ.**
૧/૧૦૭, કેશવજી નાયક રોડ, ન્યુ ચીંચબંદર, મુંબઈ - ૪૦૦૦૦૯.
ફોન : ૪૦૫૬૧૦૦૦ • ફેક્સ : ૪૦૫૬૧૦૯૯.
E-mail : marketing@himadrimasala.com • Web : www.himadrimasala.com

**સિઝનનાં નવા મસાલા તથા રેડીમિક્સ પેકેટ નિચેના સેલ્સ ડેપો પર મળશે.**

| એરીયા | સેલ્સ ડેપો | ફોન નં. | એરીયા | સેલ્સ ડેપો | ફોન નં. | એરીયા | સેલ્સ ડેપો | ફોન નં. |
|---|---|---|---|---|---|---|---|---|
| ચોપાટી | દિપાલીબેન શાહ | 9867943477 | અંધેરી (વે) | કુસુમબેન શેઠ | 26312443 | વસઈ (વે) | મેસ. કૃષ્ણા જનરલ સ્ટોર | 0250-2338680 |
| કાલબાદેવી | ચંદ્રીકા મસાલા | 66379893 | જોગેશ્વરી (વે) | પુષ્પાબેન પટેલ | 28799508 | નાલાસોપારા (ઈ) | હિમાબેન ગાંધી | 0250-2433428 |
| ફોર્ટ | વિલેશ પ્રોવિઝન સ્ટોર્સ | 22613885 | મલાડ (વે) | પ્રેમીલાબેન શાહ | 28897488 | વિરાર (વે) | સંદિપ શેઠ | 0250-2512800 |
| માટુંગા (વે) | ભાવનાબેન આચાર્ય | 9833019204 | મલાડ (વે) | મહેકબેન / વિશાખા મહેતા | 28881581 | પરેલ | ભાવનાબેન ફીટર | 24700660 |
| સાંતાક્રુઝ (વે) | જયશ્રીબેન ચૌહાણ | 26492777 | કાંદિવલી (વે) | જયશ્રીબેન વોરા | 29671214 | સાયન (વે) | જસ્મીનાબેન મુતા | 24020259 |
| વિલેપાર્લે (વે) | મીનાબેન શાહ | 26231179 | કાંદિવલી (વે) | શિવાનીબેન પંચાલ | 9867492939 | ચેમ્બુર | વિમળાબેન ગોસર | 25215614 |
| અંધેરી (ઈ) | નિર્મળાબેન ગાલા | 26398334 | બોરીવલી (ઈ) | અંજુબેન ભાટીયા | 9323865697 | ઘાટકોપર (વે) | મધુબેન ભટ્ટ | 25167737 |
| અંધેરી (વે) | શીલાબેન પાઠક | 26285204 | બોરીવલી (વે) | હિનીબેન વસા | 28996496 | થાણા (વે) | રંજનબેન સરૈયા | 25339321 |
| અંધેરી (વે) | કાજલબેન દોશી | 26771913 | ભાયંદર (ઈ) | રૂપાબેન જોષી | 28161820 | કલ્યાણ (વે) | હીનાબેન મહેતા | 9930880239 |
| અંધેરી (વે) | શ્રદ્ધા ઝવેરી | 9221418401 | ભાયંદર (વે) | મીનાબેન પંડ્યા | 9819906779 | ડોમ્બીવલી (વે) | અમિતાબેન પોપટીયા | 9022752127 |

# FELICITATION OF PHILLANTHROPHIS (2010)

■ આંખે દેખ્યો અહેવાલ આર્મેશકુમાર જૈન

૧૧મી માર્ચ, ૨૦૧૧. એક અનોખો દિવસ – ચેમ્બુરમાં IVY હોટેલના પ્રાંગણમાં સાંજના ૭ના સુમારે જેજેસીના સંનિષ્ઠ કાર્યકરો આવતા ગયા અને ધીમે ધીમે Banquet Hall ભરાતો ગયો. 'જય જિનેન્દ્ર' કરતા, એકબીજાને ઉષ્માભર્યું હસ્તધૂનન કરતા આ બધા જેજેસી પરિવારના જુદાંજુદાં સેન્ટરોના કર્મયોગી કમિટી સભ્યો છે. એક પરમ કાર્ય કરવાનો સંતોષ તેમના મુખારવિંદ પર સ્પષ્ટ દેખાઈ આવતો હતો. આજનો આ મહામૂલો પ્રસંગ હતો – જેજેસીના થીમ પ્રોજેક્ટ હાયર એજ્યુકેશન અભિયાનના Pillerરૂપ Philanthropistsને યોગ્ય રીતે સન્માનવાનો. જે વ્યક્તિઓએ વર્ષ ૨૦૧૦ દરમિયાન રૂપિયા પાંચ લાખ કે વધુનો ફાળો આપી આ પ્રવૃત્તિને દેદીપ્યમાન બનાવ્યો છે તેવા ડોનર્સ અને જૈન જાગૃતિ સેન્ટરોનું વિશિષ્ટ બહુમાન કરવાનો.

સેક્રેટરી જનરલ શ્રી સંજય શાહે મંચ અને માઈક સંભાળી લઈને સમારંભની કાર્યવાહી ચાલુ કરી. સેન્ટ્રલ બોર્ડના ચૅરમૅન શ્રી જિતુભાઈ કોઠારી, ચૅરિટેબલ ટ્રસ્ટના ઉત્સાહી તેમ જ કર્મઠ ચૅરમૅન શ્રી કિશોર નંદલાલ શાહ, ભૂતપૂર્વ ચૅરમૅન શ્રી કિરણ શાહ, ફાઉન્ડર ચૅરમૅન શ્રી ચીમનભાઈ ગોસલિયા ઉપરાંત આ પ્રોજેક્ટના આર્ષદૃષ્ટા શ્રી ધર્મેશ જૈન, આ કાર્યને પ્રજ્વલિત કરનારા શ્રી સુભાષ રુણવાલ, જે રકમ ભરવી હોય તે ભરી લો કહી પ્રોજેક્ટના શ્રીગણેશ કરવા કોરો ચેક અર્પણ કરનારા શ્રી નીતિનભાઈ સંઘવી, જિંદગીભર એજ્યુકેશનની પ્રવૃત્તિના અનુભવનો નિચોડ જેજેસીને આપી તેને માતબર Donationથી વીંટાળી Initial Push આપનારા શ્રી પ્રવીણભાઈ જી. શાહ મંચસ્થ થયા.

નવકાર મંત્રના સ્મરણ અને દીપપ્રાગટ્ય પછી છલકાતી મેદનીને આવકારતાં જિતુભાઈએ કહ્યું કે અનાયાસે પ્રગટેલી ચિનગારીમાંથી એજ્યુકેશન પ્રોજેક્ટે આજે જૈન સમાજને ઉષ્મા અને પ્રકાશ આપતા અખંડ દીપનું રૂપ ધારણ કરી લીધું છે, જેમાં ઘીનું સિંચન અહીં ઉપસ્થિત અને અનુપસ્થિત (કોઈ કારણસર) જેજેસી માટે તન-મન-ધન અને સમય આપી દેનારા સેંકડો સંનિષ્ઠ કાર્યકરો છે તે બધાને હું આવકારું છું અને મંચ પર બિરાજમાન સર્વે માનનીય દાતાઓ (Doners)નું જેજેસીના ૬૫૦૦૦ સભ્યો વતી અભિવાદન કરું છું. આ પ્રોજેક્ટ ચાલુ કર્યાને છ વર્ષ થયાં. પા-પા પગલીથી (૧૦ લાખ) શરૂ થઈ આજે નક્કર સ્વરૂપ (ચાર કરોડ) લઈ લીધું છે અને તેની યથાર્થતા ફક્ત જૈનોને જ નહીં, પણ અન્ય સમાજને પણ સમજાઈ ગઈ છે.

દરેક સમાજમાં ઓછા-વધતા અંશે આ પ્રવૃત્તિ ચાલુ થઈ ગઈ છે જેનું શ્રેય આપણને આપી રહ્યા છે. જૈન સાધુ-ભગવંતોએ પણ આ પ્રવૃત્તિને ફળદાયી ગણી માન્યતા આપી આશીર્વાદ આપ્યા છે અને તેમનાં પ્રવચનોમાં ઉલ્લેખ કરે છે એટલું જ નહીં, પણ જૈનોને યથાયોગ્ય ફાળો આપવા પ્રોત્સાહિત કરે છે. તેઓના આશીર્વાદથી હજી સુધી કોઈ જરૂરિયાતમંદ વિદ્યાર્થીને આપણે ના નથી કહેવી પડી અને તેનું શ્રેય મંચ પર બેઠેલા આ મહાનુભાવો અને સભાખંડમાં બેઠેલા આપણા સંનિષ્ઠ કાર્યકર્તાઓને આપતાં હું હર્ષ અનુભવું છું.

શરૂઆત થઈ સન્માનની. સૌથી મોટું યોગદાન આપવા બદલ શ્રી કહાનરાજ ટ્રસ્ટનો સૌથી પહેલા ઉલ્લેખ કરવો ઘટે. શ્રી કહાનરાજ ટ્રસ્ટને જેજેસીને પ્રેરિત કરનારા શ્રી કિશોર શાહે જણાવ્યું કે ગત વર્ષોની માફક ૨૦૧૦માં પણ ફક્ત બે જ મિનિટની Telephonic વાતમાં રૂ. ૭૫ લાખ ફાળવવામાં આવ્યા. શ્રી કહાનરાજ ટ્રસ્ટ વતી શ્રી કિશોરભાઈએ શ્રી ચીમનલાલ ગોસલિયાના હસ્તે ટ્રૉફી સ્વીકારી

સદાય હસતા હસાવતા શ્રી કિશોર શાહનું તેમણે આપેલા અપૂર્વ યોગદાન બદલ શ્રી જિતેન્દ્ર કોઠારીએ સન્માન કર્યું.

સ્પષ્ટવક્તા તરીકે ચાહના મેળવનારા શ્રી કિશોર શાહે જણાવ્યું કે પ્રભુકૃપાએ આ પ્રોજેક્ટ સફળતા પામી રહ્યો છે, પણ મેં રકમ (Amount)ને ક્યારેય મહત્ત્વ નથી આપ્યું. જો જરૂર પડે અને કૉલ મળે તો મંચ પર બેઠેલી કોઈ પણ એક જ વ્યક્તિ એકલેપંડે પોતાના ખભા પર આ પ્રોજેક્ટનો હવાલો લઈ શકે તેટલી સક્ષમ છે. વાત છે આ પવિત્ર સાધર્મિક કાર્યને યજ્ઞ માની આપણી સંસ્થાનો અદનામાં અદનો આદમી આહુતિરૂપે પોતાના તરફથી કાંઈક ફાળો આપે. માસિક દશ હજારની આવકવાળું કુટુંબ તેમની પાસેની અશક્ય બચતમાંથી પણ રૂા. ૧,૦૦૦/- જેટલી રકમ આ અભિયાનમાં આપે તો મારા મતે અમારામાંથી કોઈએ પણ આપેલા ૧૦-૨૦ કે ૫૦ લાખ જેટલા જ મહત્ત્વના છે. તેમણે સભામાં બેઠેલા દરેક કાર્યકર્તાઓને કહ્યું કે તમારા સેન્ટરના બધા જ સભ્યોનો સંપર્ક કરો. જે કાંઈ આપે તે આંખ-માથા પર વધાવી લેજો. ૬૫,૦૦૦ સભ્યો આપણી મોટામાં મોટી શક્તિ છે!

ત્યાર બાદ આવ્યો એક અણમોલ પ્રસંગ. ચાર વર્ષ સેન્ટ્રલ બોર્ડના ચૅરમૅનપદે અને ત્યાર બાદ બે વર્ષ ટ્રસ્ટના ચૅરમૅનપદે રહી, છેલ્લાં ૩૦ વર્ષથી જેજેસી સાથે અતૂટ નાતાથી સંકળાયેલા લોકલાડીલા શ્રી કિરણ હીરાલાલ શાહની નિવૃત્તિ (!) બાદના સન્માનનો પ્રસંગ. તેમને સન્માનપત્ર તથા મેમોન્ટો પ્રદાન કર્યાં બન્ને માનનીય ચૅરમૅન શ્રી જિતુભાઈ તથા શ્રી કિશોરભાઈએ.

બહુ જ ભાવવાહી દૃષ્યો સર્જાયાં. સંપૂર્ણ મેદનીએ તેમને Ovation આપ્યું. પૂર્વ ચૅરમૅન શ્રી દિનેશ શાહે કિરણભાઈની કામગીરીને બિરદાવતું વક્તવ્ય આપ્યું.

જિતુભાઈએ જણાવ્યું કે બંધારણ પ્રમાણે ભલે કિરણભાઈએ હોદ્દા પરથી ઊતરીને તેમના અનુગામીને સ્થાન આપ્યું, પણ તેઓ જેજેસીમાંથી ચોક્કસપણે નિવૃત્ત થયા નથી. તેમની તથા તેમનાં કાર્યોની જેજેસીને હજી ઘણી જરૂર છે અને બધા વતી આશા રાખું છું કે તેઓ આ બાબત અમને ક્યારેય નિરાશ નહીં કરે અને છેલ્લે કિરણભાઈએ તેમનું MASS ને પ્રભાવિત કરતું ભાવવાહી વિદાય પ્રવચન આપ્યું ત્યારે તાળીઓના ગડગડાટથી હૉલ ગાજી ઊઠ્યો. તેમના પ્રવચનનો ટૂંકસાર અન્ય આપેલો છે.

ફાઉન્ડર ચૅરમૅન શ્રી ચીમનભાઈ ગોસલિયાએ જણાવ્યું કે મને પણ કોઈ કલ્પના ન હતી કે એક નાનકડા બીજમાંથી જૈન જાગૃતિ સેન્ટર આવડું મોટું વટવૃક્ષ બની જશે અને જૈન સમાજની સૌથી મોટી કાર્યદક્ષ સંસ્થા બની જઈ સાધર્મિક પ્રવૃત્તિઓને આવરી લઈ જૈન સમાજને છાંયડો આપશે. ખૂબ ખૂબ આગળ વધો. મારા આશીર્વાદ તમારી સાથે જ છે.

Long awaited શ્રી ધર્મેશ જૈનને સાંભળવા આતુર માનવમેદનીની ધીરજનો અંત આવ્યો. શ્રી જીતુભાઈએ તેમનું સન્માન કર્યા બાદ ઊંડા ચિંતનમાંથી નીકળતી Winner વાણી 'There is a winner in you'ના Author પાસેથી સાંભળવા મળી, પણ સમયના અભાવથી સૌ વંચિત રહ્યા. એમણે કહ્યું કે પ્રસ્તુત અભિયાન સારી રીતે ચાલી રહ્યું છે, પણ મને તેનાથી સંતોષ નથી. જૈન સમાજનું Cross Section લો તો તમે પણ મારી સાથે સહમત થશો કે આપણે ઝડપ કરવાની છે અને અભિયાનનો વ્યાપ વધારવાનો છે. દર વર્ષે દશ કરોડથી ઓછું ડિસ્ટ્રિબ્યુશન આપણને ગોલ સુધી પહોંચાડશે નહીં. મેં ૨૦૧૧ માટે મારા કમિટમેન્ટ પ્રમાણે ટોટલ કલેક્શનના ૧૦% લેખે રૂા. એક કરોડ તૈયાર રાખ્યા છે. તો દોસ્તો, બક અપ! કરીને બતાવો.

ન જાણતા હો તો જાણી લ્યો કે શ્રી ધર્મેશભાઈ એજ્યુકેશન અને સ્પોર્ટ્સમાં (બિઝનેસ ઉપરાંત) વિશેષ રુચિ ધરાવે છે. એજ્યુકેશન ઉપરાંત તેમણે સુકાન સ્પોર્ટ્સ તરફ ઘુમાવ્યું છે. તે માટે તાજેતરમાં શરૂ થનાર એક રાષ્ટ્રીય અભિયાન 'Fit India Compaign'ની શરૂઆત કરતાં જણાવ્યું કે અમે સરકારને અપીલ કરવાના છીએ કે સ્પોર્ટ્સને એક વિષય તરીકે પ્રમાણિત કરી તેના માર્ક્સ ટોટલ માર્ક્સમાં ગણી લો. તો જ નવી પેઢી સ્પોર્ટ્સમાં રસ લેતી થશે અને Physically Fit થઈ ભારતને તંદુરસ્ત બનાવશે.

On the spot જૈન વિદ્યાર્થીઓને Sportsમાં રસ લેતા કરવા તેમના તરફથી રૂા. ૧૧ લાખનું Donation જાહેર કર્યું અને જેજેસીને એક કરોડ ભેગા કરવા સૂચન કર્યું. (નોંધ : બરાબર ૧૧ દિવસ બાદ રણબીર કપૂરના હસ્તે આ રાષ્ટ્રીય અભિયાન ચાલુ થયું.)

મુંબઈના સેન્ટ્રલ સબર્બનમાં ખૂબ જ પ્રતિષ્ઠિત નામ ધરાવતા દેશમાંથી C.A. થઈને આવેલા શ્રી સુભાષજી રુણવાલજીને જૈન વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ વિના રૂકાવટે ખૂબ જ ભણે અને ભણીને જૈન સમાજને ખૂબ જ તંદુરસ્ત અને સશક્ત બનાવે તેમાં વધારે રસ છે. તેમણે એ માટે થાણામાં એક મોટી ગર્લ્સ (જૈન) હૉસ્ટેલ બનાવી છે. ઉપરાંત ચેમ્બુરમાં જૈન વિદ્યાર્થીઓ માટે વિશેષ સગવડતા ધરાવતી હૉસ્ટેલનું નિર્માણ થઈ રહ્યું છે. દર વર્ષે એજ્યુકેશન માટે રૂા. એક કરોડનું બજેટ કર્યું છે. જૈન જાગૃતિ સેન્ટરની કાર્યપ્રણાલીથી તેઓ બહુ જ પ્રભાવિત છે તેથી તો વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યૂ લેવાની જવાબદારી તેમણે જેજેસી-સેન્ટ્રલ બોર્ડને સોંપી છે અને જેજેસીની ભલામણનો તેઓ આદર કરે છે.

જ્યારે તેમને સન્માનવાનો સમય આવ્યો ત્યારે તેમણે પ્રામાણિકપણે કહ્યું કે મને અહીં સુધી ખેંચી લાવનાર શ્રી રમેશ મોરબિયા છે અને તેમના હાથે સન્માન સ્વીકારવામાં મને આનંદ થશે. કહેવાની જરૂર નથી કે તેમની ઇચ્છા પૂરી કરવામાં આવી.

કોઈ પણ પ્રકલ્પની શરૂઆત શુભ રીતે થાય તેવી ઇચ્છા દરેકની હોય એ સ્વાભાવિક છે. હાયર એજ્યુકેશન અભિયાન જ્યારે શરૂ કરવાનો સંકલ્પ જેજેસી-સેન્ટ્રલ બોર્ડે કર્યા ત્યારે કોઈ પુણ્યશાળી હસ્તીની તલાશ હતી. જિતુભાઈ તથા અન્ય પદાધિકારીઓ આ માટે જ્યારે શ્રી નીતિનભાઈ સંઘવીને મળવા ગયા ત્યારે નીતિનભાઈએ અપીલના પ્રતિસાદમાં એક Sign કરેલો કોરો ચેક જિતુભાઈના હાથમાં આપ્યો અને જણાવ્યું કે તમારે જે Amount ભરવી હોય તે ભરી લો – બિનધાસ્ત! સૌ અવાક્ થઈ ગયા. બસ, અભિયાનને સારાં શુકન થઈ ગયાં. ત્યાર બાદ શું થયું તે જેજેસીના સભ્યોને કહેવાની જરૂર ખરી? આજે નીતિનભાઈની બીજી પેઢી શ્રી રાહુલ સંઘવી અને શ્રી કુનાલ સંઘવી Young Philanthrophist તરીકે ઊભરી રહ્યા છે ત્યારે નીતિનભાઈની સાથે તેમના બન્ને પુત્રોનું પણ સન્માન કરવામાં આવ્યું. અલબત્ત, શ્રી સુભાષજી રુણવાલના હસ્તે.

શ્રી નીતિનભાઈએ નિખાલસપણે જણાવ્યું કે અમારું પ્રેરક બળ શ્રી રમેશ મોરબિયા છે અને Not the Least, આ અભિયાનમાં Unbeaten ખેલાડી તરીકે અથાક કાર્ય કરતા શ્રી રમેશ મોરબિયા પરિવારનો. શ્રી ધર્મેશજી જૈનના હસ્તે શ્રી જેઠાલાલભાઈ મોરબિયા, શ્રી રમેશ મોરબિયા તથા શ્રીમતી ધનલક્ષ્મીબહેન મોરબિયાનું સન્માન કરવામાં આવ્યું. શ્રી રમેશ મોરબિયાએ જણાવ્યું કે ઊંચી ઉડાનનો ગોલ રાખી આપણે ચોક્કસ તેને આંબી જઈશું.

નીડર, સ્પષ્ટ વક્તા ઉપરાંત એજ્યુકેશન ફેકલ્ટીનો ખૂબ જ બહોળો અનુભવ ધરાવતા મિતભાષી શ્રી પ્રવીણભાઈ જી. શાહનું બહુમાન શ્રી કિરણભાઈ શાહે તાળીઓના

ગડગડાટ વચ્ચે કર્યું. શ્રી પ્રવીણભાઈએ કેટલાંક સૂચક સૂચન કર્યાં. તેવી રીતે ડોનર શ્રીમતી સરલાબહેન અજમેરાનું સન્માન શ્રી કિશોર શાહે કર્યું. અનિવાર્ય સંજોગોને લઈને નહીં આવી શકનારા શ્રી સ્નેહલ અને શ્રી ચિરાગ મહેતાનું સન્માન શ્રી સી. આર. શાહે સ્વીકાર્યું. શ્રી નિરંજન વસાણીનું સન્માન શ્રી ભૂપેન્દ્ર મહેતાએ સ્વીકાર્યું. શ્રી મનીષ શાહનું સન્માન શ્રી જયેન્દ્ર શાહે સ્વીકાર્યું.

આ ઉપરાંત જૈન જાગૃતિ સેન્ટરોમાંથી જે સેન્ટરોએ મહેનત કરી રૂા. પાંચ લાખ કે વધુ ડોનેશન લઈ આવ્યા તે સેન્ટરના હાજર રહેલા કારોબારી સભ્યોનું પણ સામૂહિક રીતે બહુમાન કરવામાં આવ્યું. એ પ્રમાણે જેજેસી-સાયન માટુંગા, નોર્થ ઈસ્ટ, કાંદિવલી, તારદેવ, જુહુ બીચ, મુંબઈ, બોરીવલી, શિવાજી પાર્ક, ચેંબુર, વિલે પાર્લે, જુહુ, બીચ સાઈડ, મુલુંડ, સી સાઈડ, અમૃતનગર, જેમ્ જગડુશા, મલાડ તથા રાજાવાડીની કમિટીનું સન્માન કરવામાં આવ્યું. આ સંપૂર્ણ સમારંભના સૌજન્યદાતા જેજેસી-નોર્થ ઈસ્ટનું પણ સન્માન કરવામાં આવ્યું. ત્યાર બાદ અમીના ઓડકાર આવે એવા ભોજનને ન્યાય આપી અદમ્ય હોંશ અને જોશ ભરીને સૌ વિખરાયા. અસ્તુ...

## ભાવભરી શ્રદ્ધાંજલિ



**સ્વ. સુનીલભાઈ દામજી સોની**
**સ્વર્ગવાસ : સોમવાર, તા. ૪-૪-૨૦૧૧**

**મળે છે દેહ માટીમાં, માનવીનું નામ સદાય જીવે છે.**
**મૃત્યુ પામે છે માનવી, પણ તેનાં સત્કર્મો સદાય જીવે છે.**
**અંજલી આપતાં હૈયું તૂટે છે, શબ્દાંજલિ લખતાં શબ્દો ખૂટે છે**
**કુદરતના ખજાને ખોટ પડે ત્યારે ધરતીના પુષ્પ ચૂંટે છે.**

ધર્મપ્રેમી, સમાજપ્રેમી અને જૈન જાગૃતિ સેંટર-નવી મુંબઈના કારોબારી કમિટીના સભ્ય એવા શ્રી સુનીલભાઈના આત્માને અરિહંત પરમાત્મા શાશ્વત શાંતિ અર્પે એવી અમારી હૃદયપૂર્વક પ્રાર્થના.

**જૈન જાગૃતિ સેંટર-નવી મુંબઈ તથા**
**જૈન જાગૃતિ સેંટર-પનવેલના**
**જય જિનેન્દ્ર**

# ધ્યાન આપો

## આ ધા ર

## UNIQUE INDENTIFICATION NUMBER

ભારત સરકાર પાંચ વર્ષથી ઉપરની દરેક ભારતીય મૂળની વ્યક્તિઓ માટે ફરજિયાત યુનિક આઈડેન્ટિફિકેશન નંબર (આધાર) પ્રાપ્ત કરવા માટે જાહેરાત કરે છે.

